RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 252, Dt.10-1-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

કોર્પોરેશન હવે અનામત પ્લોટની ૧૫ ટકા જમીનનું વેંચાણ કરી શકશે

TP ના અનામત પ્લોટનાં નિયમોમાં મહત્વના ફેરફાર : આડેધડ હેતુફેર પર રોકઃ મહતમ ૨૫ ટકાની મર્યાદામાં જ અનામત જમીન અન્ય કે હેતુમાં વાપરી શકાશે

રાજ્ય સરકારનાં શહેરી વિકાસ તથા શહેરી આવાસ મંત્રાલય દ્વારા નવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો

મુખ્ય સમાચાર, અમદાવાદ

ટાઉન પ્લાનીંગ (ટીપી(સ્કીમ ફાઈનલ થઈ ગયા બાદ અનામત પ્લોટનો આડેધડ હેતુફેર સામે હવે રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો અમલી બનાવવામાં આવ્યા છે. કોર્પોરેશન-સતા મંડળોને અનામત જથ્થામાંથી વધુ જમીનના વેચાણની છુટ આપવામાં આવી છે. ઉપરાંત હેતૂફેર પર મર્યાદા મુકવામાં આવી છે.

રાજ્ય સરકારનાં શહેરી વિકાસ તથા શહેરી આવાસ મંત્રાલય દ્વારા નવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ટીપી સ્કીમનાં અનામત પ્લોટમાં ઊમેરા-બાદબાકી માટે ૨૫ ટકાની મર્યાદા મુકવામાં આવી છે.

શહેરી વિસ્તારોમાં ગાર્ડન, મેદાન, પાર્કીંગ, સ્કુલ, શહેરી વનીકણ જેવા હેતુસર અનામત રાખવામાં આવતા પ્લોટમાં ટીપી ફાઈનલ થાય અથવા પ્રાથમીક મંજુરી મળે ત્યારબાદ હેતુફેર કરી દેવાતા હોય છે.

રાજ્ય સરકારનાં એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે દરેક ટીપી સ્કીમમાં જમી માલીકો પાસેથી ૪૦ ટકા જમીન સંપાદીત કરી લેવાતી હોય છે. આ જગ્યામાંથી ૧૫ ટકા રસ્તા માટે રાખવામાં આવે છે અને બાકીનો ૨૫ ટકા હિસ્સો પણ ગાર્ડન, શહેરી, ગરીબો માટે આવાસ પાર્કીંગ, સ્કુલ, મેદાન જેવી સામાજીક-કલ્યાણકારી સુવિધાઓ માટે અનામત રાખવામાં આવતા હોય છે.

ઉદાહરણ તરીકે ફાઈનલ પ્લોટમાં ગાર્ડન માટે ૧ લાખ મીટરનો પ્લોટ અનામત રાખવામાં આવ્યો હોય તો જરૂર પડયે તેમાંથી મહતમ ૨૫ ટકા અર્થાત ૨૫૦૦૦ મીટર જગ્યાનો જ હેતુફેર થઈ શકશે.

સુત્રોએ કહ્યુ કે કોર્પોરેશન-સતામંડળો દ્વારા હેતુફેર માટે વારંવાર સરકારને દરખાસ્ત કરવામાં આવે છે. વારંવાર ફાઈનલ ટીપીમાં સુધારા માટે પણ દબાણ કરવામાં આવે છે તે રોકવા આ કદમ ઉઠાવાયું છે. નવા નિયમ મુજબ અનામત જમીનનાં મોટાભાગનો ઉપયોગ નિશ્ચિત હેતુ માટે જ કરવો પડશે.

સામાન્ય રીતે કોર્પોરેશન નોન-ટીપી વિસ્તારમાંથી જમીન પસંદ કરીને ટીપી સ્કીમનો મુસદો ઘડે છે સરકાર ટીપી અધિકારી નિયુક્ત કરે છે કોર્પોરેશને કોઈ સુધારા કર્યા હોય તો તેની ચકાસણી કરીને સ્કીમને પ્રાથમીક મંજુરી અપાય છે અને પછી આખરી સ્વીકૃતિ મળે છે.

નિયમ પ્રમાણે ફાઈનલ ટીપી સ્કીમમાં સુધારા માટે નવી દરખાસ્ત કરવી પડે છે અને તે માટે સરકારી મંજુરી આવશ્યક છે. સુધારા માટે સરકારને વારંવાર દરખાસ્ત થતી હોવાથી નવો પરિપત્ર ઈસ્યુ કરાયો છે.

દરમ્યાન નવા નિયમોમાં સરકારે મહત્વનો ફેરફાર કર્યો છે. કોર્પોરેશન-સતામંડળો અનામતની વધુ જમીન વેચાણ કરી શકશે હવે ૧૦ ને બદલે ૧૫ ટકા જમીન વેંચી શકાશે.જેનો અર્થ એવો થાય છે કે ટાઉન પ્લાનીંગ સ્કીમમાં અનામત હિસ્સામાંથી હવે ૧૦ ને બદલે ૧૫ ટકા જમીન વેંચાણ માટે રાખી શકાશે. હાઉસીંગ કે કોમર્સીયલ હેતુસર વેંચી શકાશે.

અમદાવાદના ૮૦ વર્ષના વૃધ્ધ HMPV સંક્રમિત થયા



અમદાવાદ શહેરમાં HMPV વાઈરસનો વધુ એક કેસ નોંધાયો છે. વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધને સારવાર અર્થે મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૮ જાન્યુઆરીના રોજ વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. દર્દીને છેલ્લા કેટલાય સમયથી અસ્થમાની બીમારી હોવાનું જાણવા મળ્યું છે. તેમની વિદેશ કે અન્ય કોઈ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીનાં સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

દિલ્હી પર સવારે ધુમ્મસનો એટેકઃવિઝિબિલીટી શુન્ય

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ ફરી એકવાર પોતાનું તીવ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. આજે સવારે દિલ્હી સહિત ઘણા રાજ્યોના આકાશમાં ધુમ્મસ હતું. ગાઢ ધુમ્મસના કારણે ફરી એકવાર લોકોના રોજિંદા જીવન પર અસર પડી. એવું લાગે છે કે કુદરતે આકાશને ધુમ્મસની ચાદરથી ઢાંકી દીધું છે. આ ધુમ્મસની સાથે ઠંડા પવનો અને ખરાબ હવાની ગુણવત્તાએ પણ સામાન્ય લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. શહેરોમાં સ્ટ્રીટ લાઈટ પણ દેખાતી નથી. કાતિલ ઠંડી પણ યથાવત છે. તાપમાન ૫ ડીગ્રીથી નીચે નોંધાયું છે.

આજે સવારે દિલ્હી અને ગઈછ વિસ્તારોમાં દશ્યતા શૂન્ય થઈ ગઈ. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક (ઈઝ્ઝ્ઈ) એ ફ્લાઈટ્સ પર સંભવિત અસર અંગે એક સલાહકાર જારી કરવી પડી. જોકે, કેટલી ફ્લાઈટ્સ અને ટ્રેનોને અસર થઈ તેની માહિતી હાલમાં ઉપલબ્ધ નથી. આ ધુમ્મસ જાન્યુઆરીની શરૂઆતથી સતત છે, જ્યારે ૨ અને ૩ જાન્યુઆરીએ નવ કલાક માટે દશ્યતા શૂન્ય હતી.

એવું લાગે છે કે દિલ્હી-એનસીઆરમાં આજે સિઝનનું સૌથી ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. દરેક વિસ્તાર ધુમ્મસની ચાદરમાં લપેટાયેલો દેખાય છે. ગાઢ ધુમ્મસને કારણે દશ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અક્ષરધામ, મંદિર માર્ગ, સાકેત અને પુસા રોડ જેવા સ્થળોએ સવારે દશ્યતા ૧૦ મીટરથી ઓછી હતી. જો હવામાન વિભાગનું માનવું હોય તો, ઁગાઢ ધુમ્મસઁ દિલ્હીમાં લોકોને વધુ મુશ્કેલીમાં મૂકશે. આગામી દિવસોમાં ધુમ્મસની સ્થિતિ યથાવત રહેવાની ધારણા છે. તેથી, જ્યાં સુધી ખૂબ જ જરૂરી ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળો. ધુમ્મસને કારણે, દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં દશ્યતા ઘટી ગઈ છે, જેના કારણે રસ્તાઓ પર વાહનો ગોકળગાયની ગતિએ ચાલી રહ્યા છે.

ઓછી દશ્યતાને કારણે ટ્રેનો પણ મોડી ચાલી રહી છે. માત્ર ટ્રેનો જ નહીં પરંતુ ઘણી ફ્લાઈટ્સ પણ મોડી ઉડાન ભરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, ધુમ્મસના કારણે સ્પાઈસજેટ, ઈન્ડિગો અને એર ઈન્ડિયા સહિત ઘણી એરલાઈન્સની ફ્લાઈટ્સ પર અસર પડી છે. તેથી, એરલાઈન્સ અને એરપોર્ટ દ્વારા મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ઘરેથી નીકળતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ ચકાસી લે.

પાકિસ્તાનમાં અણુબોંબ બનાવનારા ૧૬ વિજ્ઞાનીઓનું અપહરણ

મુખ્ય સમાચાર,કરાચી

પરમાણુ બોંબ વિનાશકારી છે એમાં પણ જો કોઈ આતંકવાદીના હાથમાં આવી ગયા તો દુનિયાનું આવી જ બને. પાકિસ્તાનમાં શ્વાસ અધ્ધર કરી નાખનારી ઘટના બની છે જેમાં નતહરીકે એ તાલિબાનથ (ટીટીપી) નામના એક આંતકી સંગઠને અણુબોંબ તો નહી પરંતુ અણુબોંબ બનાવનારા ૧૬ વિજ્ઞાનીઓનું અપહરણ કર્યુ છે. ખુદ ટીટીપીએ અપહરણ કર્યાની કબુલાત કરી છે.

અપહરણ કરાયેલા તમામ પાકિસ્તાનના પરમાણુ ઉર્જા આયોગ (પીએઈસી) સાથે સંકળાયેલા છે. ટીટીપીએ એક વીડિયો બહાર પાડીને કેટલીક માંગણીઓ કરી છે. જો કે કેટલાક અહેવાલમાં પાકિસ્તાનના

સ્થાનિક પ્રશાસન અને સરકારે અપત્ત લોકોને વૈજ્ઞાનિક નહી પરંતુ અન્ય કર્મચારી ગણાવીને ઢાંક પિછોડો કર્યો છે. હથિયારબંધ આતંકીઓએ વિજ્ઞાનીઓના વાહનોને આગ ચાંપી હતી. પાકિસ્તાનમાં પતહેરિક એ તાલિબાન પાકિસ્તાનથ અફઘાનિસ્તાનની તાલિબાન સરકારનું સમર્થન ધરાવે છે. પાકિસ્તાનમાં ઘણા સમયથી સક્રિય છે પરંતુ ૧૫ ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવ્યા પછી વધુ શકિતશાળી બન્યું છે.અફઘાનિસ્તાનમાં યુએસ અને સહયોગી દેશોની આર્મી સામે પડેલું ટીટીપી હવે પાકિસ્તાનની આર્મી અને સરકાર સામે પડયું છે. ડુરાન્ડ લાઈન તરીકે ઓળખાતી ૨૬૫૦ કિમી લાંબી અફઘાન સરહદે પાક વિરોધી ગુપોને મદદ કરી રહયું છે.

મકરસંક્રાંતિ પછી જૂનાગઢ મ્યુ. કોર્પોરેશન, ૭૩ નગરપાલિકામાં ચૂંટણી જાહેર થશે

- **મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટણીની તૈયારીઓ**

મુખ્ય સમાચાર, અમદાવાદ

નવા ૯ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગ્રામિણ વિસ્તારોને સામેલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લામાંથી વાવ-થરાદ નવો જિલ્લા રચવા સરકારે જાહેરાત કરતા હવે ૪,૭૦૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવાની પ્રક્રિયા ઉપર બ્રેક મારી દેવાઈ છે.

જો કે, આ ગ્રામ પંચાયત અને બનાસકાંઠા જિલ્લા- તાલુકા પંચાયતની ચૂંટણી સિવાય ઉત્તરાયણ બાદ જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૭૩ નગરપાલિકા એમ શહેરી સંસ્થાઓમાં ગમે ત્યારે સામાન્ય ચૂંટણીની જાહેરાત થશે.

ગુજરાત સરકારે આ વર્ષે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસની ઉજવણી તાપી જિલ્લા મુખ્ય મથક વ્યારા ખાતે કરશે. તે પહેલા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ૭૩ નગર પાલિકાઓમાં સામાન્ય ચૂંટણી જાહેર થશે તેમ શહેરી વિકાસ વિભાગ અને રાજ્ય ચૂંટણી આયોગમાં ચાલી રહેલી તડામાર તૈયારીઓને કારણે જાણવા મળ્યુ છે.

અન્ય પછાત વર્ગો-ઙ્ઘઅનામતના વિવાદને પગલે છેલ્લા બે- અઢી વર્ષથી ગ્રામ પંચાયતો, તાલુકા- જિલ્લા પંચાયતો તેમજ નગરપાલિકાઓની ચૂંટણી ટલ્લે ચઢી હતી. પરંતુ, ગતવર્ષે સરકારે સ્થાનિક

સ્વરાજ્યની સંસ્થાઓમાં જનપ્રતિનિધિત્વ માટે ૨૭ ટકા ઘઈઈ અનામત દાખલ કરતા હવે ચૂંટણીનો માર્ગ મોકળો થયો હતો તેવામાં ૧૦ પાલિકાને નવ મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે જાહેર કરતા તેમાં સમાવિષ્ટ થતા ગ્રામીણ વિસ્તારોને કારણે હવે પંચાયતની ચૂંટણી માર્ચે કે એપ્રિલ મહિનામા જાહેર થાય તો નવાઈ નહી.

આ વર્ષે ધો.૧૦ - ૧૨નું ગુજરાત બોર્ડ પરિણામ 'ઉંચુ' હશે

ગત વર્ષના અનુભવ પરથી સરકારે હવે ઉદાર પરિણામની નીતિ આગળ વધારીઃ ડ્રોપઆઉટ ઘટાડવા પણ ઉંચા પરિણામ કારગર નિવડે છેઃ કેન્દ્રીય બોર્ડના અનુભવ કામે લગાડયા

મુખ્ય સમાચાર, અમદાવાદ

જો તમારા સંતાન આ વર્ષે ગુજરાત બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા આપવા જઈ રહ્યા હો તો અત્યારથી પેંડાની તૈયારી કરી લેજો. આ વર્ષે ધો.૧૦-૧૨ની બોર્ડ પરિક્ષાનું પરિણામ ઉંચુ હશે. રાજ્યમાં વધતા જતા ડ્રોપ આઉટમાં રાજ્ય બોર્ડના આકરા પરિણામને પણ એક રીતે જવાબદાર ગણાવાયુ છે.

ખાસ કરીને અનેક શાળાઓમાં બોર્ડ પરિણામો 'ઝીરો' એટલે કે એક પણ વિદ્યાર્થી પાસ થયા ન હોય તેવી ૭૦ સ્કુલોએ ગત વર્ષે અણગમતો રેકોર્ડ બનાવ્યો હતો. રાજ્ય બોર્ડનુ પરિણામ ૭૦% અને તેની આસપાસ રહે છે. જયારે સેન્ટ્રલ બોર્ડ જે સીબીએસસીનું પરિણામ ૯૦% અને તેની આસપાસ રહે છે તેથી હવે ગુજરાત બોર્ડએ પણ તે પેટર્ન પર જવા નિર્ણય લીધો છે.

આકરા પરિણામના કારણે સ્કુલોમાં ડ્રોપઆઉટ રેટ પણ સતત વધી રહ્યો છે. જો કે ૨૦૨૪માંજ બોર્ડ પરિક્ષાના પરિણામો ખૂબજ સારા રહ્યા હતા. એચએસસીનુ પરિણામ (ધો.૧૦) ૮૨.૫૬% હતું જે છેલ્લા ૩૧ વર્ષનુ સૌથી ઉંચુ રહ્યુ હતું. કલાસ-૧૨ સાયન્સનું પરિણામ ૮૨.૪૫% રહ્યું છે અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩% રહ્યું છે જે પણ અત્યાર સુધીનું સૌથી ઉંચુ હતું. સરકાર હજું આ રેકોર્ડ પણ સુધારવા માંગે છે. ખાસ કરીને ઉંચા પરિણામથી વિદ્યાર્થીને આગળ અભ્યાસનો રસ વધશે. ધો.૧૦ પછી ૧૧-૧૨ અને તે પછી કોઈ ટેકનીકલ અભ્યાસક્રમ 'નબળા' વિદ્યાર્થીઓ લઈને કુશળ શ્રમીક બની શકે છે તો રાજ્યમાં સાક્ષરતા દર પણ ઉંચો જશે તેવું શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાનું માનવુ છે

ગ્રામીણ ક્ષેત્રમાં નબળા પરિણામ એ સરકારની ચિંતા છે. ગ્રામીણ ક્ષેત્રોમાં ડ્રોપઆઉટ રેશિયો મોટો છે



અને વિદ્યાર્થીઓ ખેતી કે તેવા વ્યવસાયમાં જોડાય જાય છે. શહેરોમાં આવી નાના-મોટા કામ શોધે છે જે પ્રવાહ પણ સરકાર ઘટાડીને શિક્ષિત યુવા સમાજમાં આવે તે નિશ્ચિત કરવા માંગે છે. ગત વર્ષે રાજ્યની ૭૦% શાળાઆમાં એકપણ વિદ્યાર્થી ધો.૧૦ કે ૧૨માં પાસ થયો ન હતો ત્યાં શિક્ષણનું સ્તર સુધારવા ખાસ આયોજન કરાયુ છે.

'મન કી બાત' કહેવા વડાપ્રધાન મોદી હવે પ્રથમ વખત 'પોડકાસ્ટ' પર આવ્યા

હું ભગવાન નથી, મારાથી પણ ભુલો થઈ હશે! મોદી નિખાલસ

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝેરોધાના સહ-સ્થાપક નિખિલ કામત સાથે પોડકાસ્ટ કર્યું હતું. કામથે ગુરુવારે તેનું ટ્રેલર રિલીઝ કર્યું હતું. આમાં પીએમ મોદી કહે છે કે તેઓ પણ ભૂલો કરે છે, તેઓ ભગવાન નથી, મનુષ્ય છે. પીએમ મોદીનો આ પહેલો પોડકાસ્ટ ઈન્ટરવ્યુ છે.

આ ઈન્ટરવ્યુમાં પીએમ વિશ્વમાં યુદ્ધની સ્થિતિ, રાજકારણમાં યુવાનોની ભૂમિકા, તેમના પ્રથમ અને બીજા કાર્યકાળના અનુભવો અને અંગત વિચારો પર ચર્ચા કરતા જોવા મળે છે. રાજકારણમાં યુવાનોના પ્રવેશ અંગે તેમણે કહ્યું કે યુવાનોએ મહત્વાકાંક્ષા સાથે નહીં પરંતુ મિશન સાથે રાજકારણમાં આવવું જોઈએ

વીડિયોમાં કામથ કહે છે- 'હું અહીં તમારી સામે બેઠો છું અને વાત કરી રહ્યો છું, હું નર્વસ છું. આ મારા માટે મુશ્કેલ વાતચીત છે. જેના પર પીએમ મોદીએ જવાબ આપ્યો, 'આ મારું પહેલું પોડકાસ્ટ છે, મને ખબર નથી કે તમારા દર્શકોને તે કેવી રીતે ગમશે.'

પીએમ મોદીએ ટ્રેલર પણ પોસ્ટ કર્યું અને લખ્યું - 'હું આશા રાખું છું કે તમે બધાને એટલો જ આનંદ માણ્યો હશે જેટલો અમને તમારા માટે બનાવવામાં આવ્યો હતો!'રાજકારણ નકારાત્મક? ડ્ખએ કહ્યું- જો આવું

હોત તો આપણે વાત ન કરી હોત.

તેમના અનુભવને શેર કરતા કામથે કહ્યું કે જ્યારે તેઓ મોટા થઈ રહ્યા હતા ત્યારે રાજકારણને નકારાત્મક રીતે જોવામાં આવતું હતું. આ પછી પીએમ મોદીને પૂછે છે કે તમે તેને કેવી રીતે જુઓ છો? પીએમ મોદીએ જવાબ આપતા કહ્યું કે, 'તમે જે કહ્યું તેના પર જો તમને વિશ્વાસ હોત તો અમારી આ વાતચીત ન થઈ હોત.'

ભારતીય ઉદ્યોગસાહસિક, રોકાણકાર અને સ્ટોક બ્રોકર નિખિલ કામથ ઝેરોધાના સહ-સ્થાપક છે. તેમના પોડકાસ્ટ શોનું નામ 'પીપલ બાય ડબ્લ્યુટીએફ' છે, જેમાં પીએમ મોદી મહેમાન બનશે. આ એપિસોડની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી.

અણુબોંબ ફેંકાવા જેવુ દ્રશ્ય! લોસ એન્જેલસમાં આગ હજુ બેકાબૂ : વધુ વકરી

મુખ્ય સમાચાર, કેલિફોર્નિયા

અમેરિકાનાં કેલિફોર્નિયાના લોસ એન્જેલસના જંગલમાં લાગેલી આગ રહેણાંક વિસ્તારોમાં ફેલાઈ ગઈ છે અને જે તસવીરો સામે આવી છે તે દર્શાવે છે કે આગનાં કારણે ભારે તબાહી મચી ગઈ છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત થયાં છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયાં છે. ઘાયલોમાં ફાયર ફાઈટર પણ સામેલ છે. આગને કારણે ઘણાં લોકોને તેમનાં ઘર છોડવાની ફરજ પડી હતી.

અમેરિકન ફિલ્મ ઉદ્યોગ માટે મહત્વની હોલીવુડ હિલ્સ પણ આગની ઝપેટમાં આવી છે, જેનાં કારણે ઘણાં હોલીવુડ કલાકારોને તેમનાં ઘર છોડવાની ફરજ પડી છે. ફિલ્મ ઉદ્યોગને લગતાં ઘણાં કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યાં છે અથવા રદ કરવામાં આવ્યાં છે.

આગ ૪૫ ચોરસ માઈલથી વધુ પ્રસરી ગઈ છે અને લગભગ ૧૭૯૦૦૦ લોકોને સ્થળાંતર કરવાનાં આદેશો આપ્યાં છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૩૦૦૦ થી વધુ ઈમારતો બળી ગઈ છે અને ૬૦૦૦૦ થી વધુ ઈમારતો જોખમમાં છે. આગને કારણે એલએ શહેરનાં પોશ વિસ્તાર પાલિસેડ્સમાં ઘણાં હોલીવુડ સ્ટાર્સના બંગલાઓ પણ બળીને ખાખ થઈ ગયાં છે. પેરિસ હિલ્ટન સ્ટીવન સ્પીલબર્ગ મેન્ડી મૂર , એગ્ટન કુચર સહિત ઘણાં હોલીવુડ સ્ટાર્સના ઘર બળીને રાખ થઈ ગયાં છે. પેરિસ હિલ્ટનનું ઘર ૭૨ કરોડ રૂપિયામાં બનાવવામાં આવ્યું હતું. ઘણી સેલિબ્રિટીઓએ પણ પોતાનું ઘર છોડવું પડ્યું

છે. બીબીસીના જણાવ્યાં અનુસાર , કેલિફોર્નિયામાં જે રીતે આગ ફેલાઈ રહી છે તેનાં કારણે અમેરિકન ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ઓળખ 'હોલીવુડ બોર્ડ ' હોલીવુડની હિલ્સની વચ્ચે સળગી જવાનાં જોખમમાં છે. ખરેખર એલએમાં હોલીવુડ નામની એક જગ્યા છે, અમેરિકન ફિલ્મ ઉદ્યોગનું નામ તેનાં નામ પરથી રાખવામાં આવ્યું છે.

લગભગ ૫૦ હજાર લોકોને તાત્કાલિક ઘર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે. તે જ સમયે લગભગ ૩ લાખ લોકોને સુરક્ષિત સ્થાનો પર જવા માટે સૂચના આપવામાં આવી છે. પ્રશાસને શહેરમાં ઈમરજન્સી જાહેર કરી છે અને શનિવાર સુધી તેનાં ફેલાવાની ચેતવણી આપી છે.

મોરબીમાં ગૌ હત્યારાઓને કડક સજાની માંગ સાથે માળીયા મામલતદારને આવેદન

માળિયામાં ગાયો ચરાવવાના બહાને ૧૩ ગાયની કતલ : હિન્દુ સંગઠનો અને માલધારી સમાજમાં રોષ

મુખ્ય સમાચાર,મોરબી

માળિયામાં ગાયો ચરાવવાના બહાને કતલ કરવાના કૌભાંડનો ખુલાસો થતાં હિન્દુ સંગઠનો અને માલધારી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. ૧૩ ગાયોનું કતલ થઈ ચૂક્યું છે પરંતુ હજુ વધુ ગાયો અને સમગ્ર કૌભાંડમાં વધુ આરોપીઓની સંડોવણી હોવાના આરોપ સાથે કૌભાંડની વધુ તપાસની માંગણી ઉઠી છે. હિન્દુ સંગઠન અને માલધારી સમાજના પ્રતિનિધિઓએ માળીયા મામલતદારને આવેદન આપ્યું છે અને આવતી કાલે આ અંગે જીલ્લા કલેક્ટરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવશે.

માળિયા તાલુકામાં ગાયો ચરાવવાના નામે કતલ કરવાના કૌભાંડનો સનસનીખેજ ખુલાસો થયો છે, જેમાં ૧૩ ગાયોના કતલ કરવામાં આવ્યા હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે. હિન્દુ સંગઠનો અને માલધારી સમાજે આ ઘટનાને ગંભીરતાથી લઈ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

ત્યારે મોટી સંખ્યામાં હિન્દુ સંગઠન અને માલધારી સમાજના સભ્યો આજે માળીયા મામલતદાર કચેરીએ એકત્રિત થયા હતા અને કૌભાંડની વિસ્તૃત તપાસ સાથે ગૌ-હત્યારા આરોપીઓ સામે કડક સજા કરવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. હિન્દુ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના નેતાઓએ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી સમાજના મૂલ્યો સામેની મોટી ચુનૌતી ગણાવી છે. આવતીકાલે હિન્દુ સંગઠન અને માલધારી સમાજ જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપીને સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ અને આરોપીઓને કડક સજાની માંગ સાથે રજૂઆત કરશે.

આ સાથે ગૌ-હત્યા કૌભાંડમાં પોલીસની કાર્યવાહી પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

મોરબી મહાનગરપાલિકાના કમિશનર સાથે શુભેચ્છા મુલાકાત કરતા આમ આદમી પાર્ટીના હોદ્દેદારો

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી જીલ્લા આમ આદમી પાર્ટી ટીમે મોરબી મહાનગર પાલિકાના કમિશનર સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ સાથે મોરબી નગરપાલિકા દ્વારા થયેલા ભ્રષ્ટાચારની તપાસ, પારદર્શક હિસાબ પ્રજા સમક્ષ રજૂ કરવા અને લોકો માટેની સુવિધાઓ પુરી કરવાની માંગ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકાના કમિશનર સાથે આમ આદમી પાર્ટી મોરબી જીલ્લા ટીમે એક શુભેચ્છા મુલાકાત યોજી હતી. આ મુલાકાતમાં મોરબી જીલ્લાના પ્રભારી પંકજભાઈ રાણસરીયા, જીલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખ દિવ્યેશભાઈ મગુનીયા, જીલ્લા મહામંત્રી રમેશભાઈ સદાતીયા, શહેર પ્રમુખ વિરજીભાઈ ચાવડા અને જીલ્લા યુવા ઉપપ્રમુખ જૈનીથભાઈ ચડાસણીયા ઉપસ્થિત રહ્યા હતા.આમ આદમી પાર્ટીની ટીમે કમિશનરને અભિનંદન પાઠવીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં મોરબી નગરપાલિકા દ્વારા થયેલા ભ્રષ્ટાચાર અને નગરપાલિકાના હિસાબ પ્રજા સમક્ષ રજુ કરવામાં આવે અને મોરબી નગરપાલિકાને જનતા દ્વારા RTI કરવામાં આવતી હોય છતાં તેમની રજૂઆત ધ્યાને લેવામાં આવી નથી જે હવે મોરબી મહાનગરપાલિકા બની ત્યારે જનતાને યોગ્ય રીતે જવાબ મળે અને જે સુવિધાઓથી લોકો વંચિત રહ્યા છે તે તમામ સુવિધાઓ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવે એવી રજૂઆત કમીશ્નર સાહેબને કરવામાં આવી હતી.

ઉપલેટા આઈ.સી.ડી.એસ ઘટક દ્વારા પોષણ ઉત્સવની ઉજવણી કરવામા આવી

મુખ્ય સમાચાર, ઉપલેટા

મહિલા અને બાળ વિકાસ ગાંધીનગર દ્વારા આઈસીડીએસ ગોંડલ ઘટક ૧ તારીખ.૦૪/૦૧/૨૦૨૫ થી તા.૯/૧/૨૫ સુધી સેજા કક્ષાનો પોષણ ઉત્સવ ની ઉજવણી કરવામાં આવેલ જેમાં પૌષ્ટિક વાનગી સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ જેમાં માનનીય જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી અને પ્રોગ્રામ ઓફીસર શ્રી ના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત અને નગરપાલિકાના પદાધિકારીઓ,ગ્રામ પંચાયત ના સરપંચ,સભ્યો

અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમ માં ટેક હોમ રેશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ) અને મિલેટમાંથી બનતી નસ્ત્રપૌષ્ટિક વાનગી સ્પર્ધાસ્ત્રસ્ત્ર નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં આવેલ હતી,કે જેનો મુખ્ય ઉદેશ બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુપોષિત બને તે માટે તેઓના રોજીંદા આહારમાં પોષ્ટિક ખાધ્યો નો ઉપયોગ થાય તે ખુબ જરૂરી છે.કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્વો યુક્ત ટેક હોમ રાશન દર માસે વિનામૂલ્યે આંગણવાડી કેંદ્રમાંથી તેમની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃતીયાંશ ભાગનું પોષણ પૂરૂ પાડવા માટે આપવામાં આવે છે. જેમાં વિવિધતાસભર પાકો જેવા કે, બાજરી, જુવાર, રાગી, કાંગ, ચેણો, સામો, કોદરી, વરી વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટા ભાગના પાકોનું મૂળ ભારત છે અને તે ભારતના પ્રાચીન અને ગુણકારી પાકો તરીકે પણ ઓળખવામાં આવે છે. મિલેટ આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક

હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ), મિલેટ તેમજ સરગવા જેવા પૌષ્ટીક ખાધ્યો મદદથી પૌષ્ટીક વાનગી બનાવામાં આવી હતી. જે લોકોને વધુમાં વધુ સારી રીતે ઉપયોગ કરે તે અંગે જાગૃતિ લાવવા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ આ તકે જેમાં ઉપલેટા ઘટક ના સીડીપીઓ શ્રી ઉર્વશી બા જાડેજા તેમજ આઈસેડીએસ ના સેજા કક્ષાના મુખ્યસેવિકા શ્રી ઓ એન. એન. એમ. રાજદીપ ભાઈ ગજેરા પા.પા.પગલી ના સાવન ભાઈ મહીડા ઓ તેમજ આરોગ્યના અધિકારી અને કર્મચારીઓ હાજર રહેલ હતા તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા.

જામનગર પશુપાલન વિભાગ દ્વારા લાલપુર તાલુકાના સિંગચ ગામે ઊંટ સારવાર કેમ્પ યોજાયો

૧૨૦ જેટલા ઊંટોને ઝેરબાજ વિરોધી ઈન્જેકશન આપી નિઃશુલ્ક સારવાર કરાઈ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર , ઊંટો ગ્રામીણ સમુદાયોની આજીવિકાનો અભિન્ન ભાગ છે. આ પ્રાણીઓને ન્યુમોનિયા, પોક્સ, સ્કીન ડીસીઝ, પરોપજીવી ચેપ, પોષણની ઉણપ અને અન્ય ઈજાઓ વગેરે જેવા વિવિધ સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવો પડે છે. ત્યારે આ મુદ્દાઓને હલ કરવા માટે, ગ્રામીણ વિસ્તારોમાં રોગોનું સમયસર નિદાન અને સારવાર પૂરી પાડવા સમર્પિત ઊંટ સારવાર કેમ્પનું દર વર્ષે પશુપાલન શાખા, જિલ્લા પંચાયત જામનગરના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામા આવે છે.જેમાં રસીકરણ (એંટી-સરા) અને કૃમિનાશક દવાઓ (એંટી મેંજ)ના કાર્યક્રમો હાથ ધરી ચેપી રોગોના પ્રસારને રોકવામાં આવે છે.જે અંતર્ગત જિલ્લા પંચાયત જામનગર સંચાલિત પશુ દવાખાના લાલપુર અને તાલુકા પશુ પાલનની ટીમ દ્વારા સિંગચ ગામ ખાતે ઝેર-બાઝ વિરોધી ઈન્જેકસનના કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં પશુપાલકોના કુલ ૧૨૦ જેટલા ઊંટોની સારવાર તથા ઝેરબાજ વિરોધી ઈન્જેકશન નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ખારાઈ જાતિના ઉંટએ દરિયાઈ વિસ્તારની એક આગવી ઓળખ હોઈ તેનુ સંવર્ધન, યોગ્ય ખોરાક, સ્વચ્છતા અને પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા ન થાય તે રીતે યોગ્ય તકનીકો વિશે ઊંટના માલિકોને ડો. અંકિત પટેલ, પશુ દવાખાના, લાલપુર દ્વારા શિક્ષિત કરવામા આવેલ.તથા ડો.પ્રતીક જોશી દ્વારા હાલમાં કાર્યરત પશુધન વસતી ગણતરી વિશે જાણકારી આપી ૧૨૦ ઊંટની એંટ્રી રાષ્ટ્રીય પશુધન ગણાના કાર્યક્રમમાં નોંધવામાં આવેલ.

આ અંગે નાયબ પશુપાલન નિયામક, ડો.તેજસ શુકલ જણાવે છે કે, ઊંટ સારવાર કેમ્પમાં દરીયાઈ વિસ્તારો ખાતે પશુપાલકોના આંગણે જઈ આપવામાં આવતી નિશુલ્ક સારવાર ઊંટોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં નોંધપાત્ર ફાળો આપી શકે છે, તેમજ તેમના પર નિર્ભર રહેતા સમુદાયોની આજીવિકામાં સુધારો કરી શકે છે. પશુ સંવર્ધન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપીને, આ કેમ્પો ટકાઉ ઊંટની જાળવણી અને ગ્રામીણ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

વાંકાનેરમાં મિત્ર સાથે થયેલ ઝઘડામાં વાતચીત કરવા ગયેલ યુવકો ઉપર છરીથી હુમલો

- **છ યુવકો પૈકી ૩ ઈજાગ્રસ્ત, પાંચ આરોપીઓ સામે ગુનો નોંધાયો**

મુખ્ય સમાચાર,મોરબી

વાંકાનેરમાં મિત્ર સાથે થયેલ ઝઘડામાં બસ સ્ટેન્ડમાં વાતચીત કરવા ગયેલ યુવકો ઉપર અચાનક છરીથી હુમલો કરી છ પૈકી બે સગા ભાઈ સહિત ત્રણ યુવકોને છરી મારી દેતા તમામને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, ત્યારે ઈજાગ્રસ્ત યુવક દ્વારા વાંકાનેર સીટી પોલીસ સમક્ષ કુલ પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામે રહેતા વિરપાલસિંહ જગદિશસિંહ નારૂભા ઝાલા ઉવ.૧૯ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી ક્રિશભાઈ વિંઝવાડીયા તથા કરણભાઈ વિંઝવાડીયા રહે.બન્ને માટેલ ગામ તા.વાંકાનેર તથા અજાણ્યા ત્રણ છોકરા સહિત પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી કે ફરીયાદીના મિત્ર પૃથ્વીરાજસિંહ ઝાલાને આરોપીની સાથે અગાઉ બોલાચાલી ઝઘડો થયેલ હોય જેથી ફરીયાદી વિરપાલસિંહ તથા સાહેદો ગઈ તા.૦૮/૦૧ના રોજ આરોપીઓ સાથે વાતચીત કરવા વાંકાનેરના બસસ્ટેન્ડમાં ગયા હતા. જ્યાં આરોપી ક્રિશ વીંજવાડીયાએ બોલાચાલી ઝઘડો કરી આરોપી કરણ એ છરી વડે વિરપાલસિંહને ડાબા હાથે કાંડાના ભાગે તેમજ સાહેદ તેમના ભાઈ રાજદિપસિંહને માથાના ભાગે તથા સાહેદ ભવ્યદિપસિંહને આંગળીના ભાગે ઘા મારી સામાન્ય ઈજા પહોચાડી અન્ય આરોપીઓએ વિરપાલસિંહ તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ગુન્હામા એકબીજાની મદદગારી કરી હોવાની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ની તજવીજ શરૂ કરી છે.

પ્રયાગમાં યોજાનારા મહાકુંભ મેળામાં શાહી સ્નાન માટે જસદણના યાત્રિકો રવાના

- **અયોધ્યામાં ભગવાન શ્રી રામ અને વારાણસીમાં કાશી વિશ્વનાથનાં પણ દર્શન કરશે**

મુખ્ય સમાચાર,જસદણ

ઉત્તરપ્રદેશનાં પ્રયાગ ખાતે ૧૪ જાન્યુઆરીથી મકરસંક્રાંતિના સુપ્રસિદ્ધ મહાકુંભ મેળો ચાલુ થઈ રહ્યો છે. જેમાં દેશ અને વિદેશથી ભાવિકો પૂનમના દિવસે શાહી સ્નાન કરવા માટે ઉમટી પડશે. હાલમાં ઉત્તર પ્રદેશની સરકાર દ્વારા મહાકુંભ મેળાના આયોજન માટે તડામાર તૈયાર થઈ રહી છે. મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ દ્વારા જાતે તૈયારીઓનો નિરીક્ષણ થઈ રહ્યું છે

છે.

આ મહાકુંભ મેળામાં ભાગ લેવા જસદણથી રાજગોર સમાજના ઉપપ્રમુખ અશોકભાઈ એમ ચાવ, રાજગોર જ્ઞાતિ અગ્રણી સુરેશભાઈ જોષી, હરેશભાઈ જોષી, અમરેલીથી હેલો સૌરાષ્ટ્ર ન્યુઝ અમરેલી જિલ્લા ચીફ રિપોર્ટર પંકજભાઈ મહેતાએ પ્રસ્થાન કર્યું હતું. પ્રયાગ પહેલાં અયોધ્યામાં ભગવાનશ્રી રામ અને વારાણસીમાં કાશી વિશ્વનાથનાં દર્શન કરશે. તેઓની આ યાત્રા સફળ બને તેવી શુભકામનાઓ ઠેર ઠેરથી મળી રહી છે. ગૂગલમાં સૌથી વધુ શોધાતો શબ્દ એ મહાકુંભ મેળો છે. જે તેના ધાર્મિક અને ઐતિહાસિક મહત્વને સ્થાપિત કરે છે.

હાપા રેલ્વે સ્ટેશન ખાતે અજાણ્યા યુવાનનું મૃત્યુ

જામનગર હાપારેલ્વે સ્ટેશન ખાતે અજાણ્યા યુવાનનું મૃત્યુ.એક અજાણ્યો પુરુષ ઉંમર વર્ષ ૪૦ ના આશરાનો જયપુર ઓખા ટ્રેનના કુદરતી રીતે મરણ ગયેલ હોય જેથી આ અંગેની જાણ થતા હાપા રેલવે સ્ટેશન પોલીસ દોડી ગઈ હતી અને મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ વગેરેની કાર્યવાહી કરેલ ઉપરાંત મૃતકની ઓળખ મેળવવા સહિતની તપાસ દેવાયતભાઈ મોબાઈલ નંબર ૯૦૩૩૩૮૧૬૩૬ ચલાવી રહયા છે. આ અંગે કોઈને જાણ થાય તો સંપર્ક કરવા ચાદીમાં જણાવ્યું છે.

ઉનામાં ચાઈનીઝ દોરી વેંચતો શખ્સ ઝડપાયો

ઉના પી.આઈ. .એમ.એન.રાણા ની સુચના અનુસાર સર્વલન્સ સ્કોડના પો .સબ. ઈન્સ આર.પી.જાદવ , એ.એસ.આઈ.જોરૂભા મકવાણા, પો.હેડ.કોન્સ.શાંતિલાલ સોલંકી, નાનજી ભાઈચારણીયા, પો.કોન્સ. વિજયભાઈ રામ રવિસિંહ ગોહીલ ,અનિલભાઈ સહિત પોલીસ કર્મી દ્વારા ઉના વિસ્તાર પેટ્રોલિંગ દરમ્યાન ચાઈનીઝ દોરા વેચાણ કરનારની હકીકત મળતા, ઉના કમાનગેટ જુની નગર પાલિકા પાસે આવેલ દુકાનમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનુ વેંચાણ કરત મહમદ અવેશ હનીફભાઈ બહારૂની ને ચાઈનીઝ દોરા સાથે અટક કરીને જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી કરી હતી

ઝેરી મધમાખીના ડંખથી ઘાયલ થયેલ વિશળ હડમતીયા ગામના ખેડૂતનું મોત

વિસાવદરના ગીર જંગલ પાસે આવેલા ખેતરમાં બનેલી ઘટના

વિસાવદરના ગીર જંગલ પાસે આવેલા વિશળ હડમતીયા ગામની સીમમાં કામ કરતા શ્રમિકો ઉપર અચાનક ઝેરી મધ માખીના ઝુંડે હુમલો કર્યો હતો, જેમાં ૭૫ વર્ષના એક વૃધ્ધને ગંભીર રીતે ડંખ મારી દેતા તે વૃધ્ધનું જૂનાગઢ ખાતે સારવાર દરમિયાન મોત થયાનું સામે આવ્યું છે. વિશળ હડમતીયા ગામના ચકાભાઈ આલાભાઈ વાઘેલા ઉ.૭૫ તા.૭ ના રોજ ખેતરમાં કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક લાખો ઝેરી મધમાખીના ઝુંડે કામ કરતા શ્રમિકો ઉપર હુમલો કર્યો હતો. અન્ય શ્રમિકો ભાગી ગયા હતા, પરંતુ ચકાભાઈ ભાગવા જતા નીચે પડી જતા તેઓ મધમાખીને ઝપટે ચડી જતા અસંખ્ય ઝેરી મધમાખીએ તેમને શરીરે અસંખ્ય ડંખ મારીને ઘાયલ કરી દીધા હતા. તેમને ૧૦૮ ની ટીમ આવીને પીપીઈ કીટ પહેરીને બચાવી લીધેલા અને સારવાર માટે જૂનાગઢ ખસેડયા હતા, પરંતુ અહી આઈસીયુમાં ૨૪ કલાકની સારવાર દરમિયાન તેમનું મોત થયાનું ગામના મનસુખભાઈવાઘેલાએ જાહેર કર્યું છે.

ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી કોલેજીયન યુવતીનો બ્લેડના છરકા મારી આપઘાતનો પ્રયાસ

ગંભીર હાલતમાં યુવતીને ભાવનગર ખસેડાઈ : યુવક સામે ફરિયાદ

અમરેલી પંથકમાં રહેતી અને ટીવાયબીએનો અભ્યાસ કરતી ૨૧ વર્ષીય યુવતીએ જીગ્નેશ લાલજીભાઈ સુરેલા નામના શખ્સ સામે સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે બે ત્રણ વર્ષ પૂર્વે જીગ્નેશ સાથે પરિચય થતા નંબરની આપલે કરી હતી અને અમે વાતચીત કરતા હતા અને એકબીજાને પ્રેમ કરવા લાગ્યા હતા મને ઘરની બહાર જવાની ના પાડતો તેમ છતાં જાવ તો મારા ભાઈને મેસેજ કરતો જેથી એક વર્ષ પૂર્વે વાત કરવાનું બંધ કરી દીધું હતું અને ઘરે ખબર પડી જતા ફોન લઈ લીધો હતો દિવાળીએ ખેતમજુરીએ ગઈ ત્યાં જીગ્નેશ આવ્યો હતો અને મોબાઈલ આપી જતા ફરી વાતચીત કરતા પણ એક મહિના પછી ઘરે ખબર પડી જતા બીજો ફોન પણ લઈ લીધો હતો અને વાત બંધ કરી દીધી હતી તે પછી ઘરેથી નીકળું તો પીછો કરી સંબંધ રાખવા દબાણ કરતો અને સંબંધ રાખવાની ના પાડું તો તારી જ્યાં સગાઈ થશે ત્યાં આપણા સંબંધની વાત કરી સગાઈ તોડાવી નાખીશ તું મારી નહિ થાય તો બીજા કોઈની નહી થવા દઉં કહી ધમકી આપતો તેના ત્રાસથી કંટાળી ગઈકાલ તા.૮ના રોજ ઘરે ટોયલેટમાં હાથમાં બ્લેડના છરકા કરી એસીડ પી લેતા ઉલટી થતા પરિવારજનોએ ભાવનગર હોસ્પીટલમાં દાખલ કરતા પીએસઆઈ બી પી પરમારએ ગુનો નોંધી તપાસ હાથધરી છે.

ઊનાના મહિલા તબીબનો વીડિયો વાયરલ કરીને પૈસા પડાવવા ધમકી આપનાર ઝડપાયો

મુખ્ય સમાચાર, ઉના

નાઘેર પંથક માં ભારે ચકચાર જગાવનાર નામાંકિત મહિલા તબીબ નો એક ખાનગી વાહનમાં ત્યારે વિડીયો યુ ટ્યુબ ચેનલમા ચલાવી સોશ્યલ મીડિયા પર વાયરલ કરતાં ખળભળાટ મચી ગયો હતો આ બાબતે મહિલા તબીબ એ પોલીસ માં એક મહિલા સહિત યુ ટ્યુબ ચલાવતાં ચેનલ ડીરેકટર અને તોડ બાજ પત્રકાર સામે ગુન્હો નોંધાવ્યો હતો અને ૨૧ નવેમ્બર બાદ યુ ટ્યુબ ન્યૂઝ ચેનલ નાં ડીરેકટર તેમજ તેનાં કહેવાતાં તોડ બાજ પત્રકાર અને મહિલા નાશી છુટતા પોલીસ તેની શોધખોળ કરતી હતી.

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા ,ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહર સિંહ જાડેજા , નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે ગુન્હા આચરી નાસતા ફરતા શખ્શો ને પકડી પાડવા ઉના પોલીસ અધિકારી મહેન્દ્રસિંહ રાણા ને આદેશ કરતાં મહિલા તબીબ ને ડરાવી ધમકાવી ને પૈસા નો તોડ કરવાં ગયેલાં પત્રકાર ની શોધ ખોળ કરતાં ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ ગુન્હો રજીસ્ટર થયેલ જે ગુ.ર.નં- ૧૧૧૮૬૦૦૮ ૨૪ ૧૮૪૮/૨૦૨૪ બી.એન. એસ.કલમ-૧૧૯(૧), ૩૫૧(૨), ૭૭,૫૪, તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ ની કલમ-૬૬ (ઈ), ૬૭(એ),મુજબ નાં ગુન્હાના સંડોવાયેલા યુ ટ્યુબ ચેનલ નાં ડીરેકટર મનીષભાઈ અરસીભાઈ ડાકી, ઉ.વ.૩૪ - પત્રકાર રહે.જુનાગઢ સરદારપરા, જોષીપરા, જલધરા, એપાર્ટમેન્ટ જી.જુનાગઢ વાળાને એલ. સી. બી. ના સ્ટાફ દ્વારા રાઉન્ડપ કરી ઉના પોલીસને સોંપ્યો હતો.

ઝડપાયેલ યુ ટ્યુબ ચેનલ નાં ડિરેક્ટર અને તોડ બાજ પત્રકાર વિરૂધ્ધ સઝ્ઝડ પુરાવા એકત્ર કરી કાયદેસર ની અટક કરી હતી અને ઊના કોર્ટ સમક્ષ ઊના પી આઈ મહેન્દ્રસિંહ રાણા એ રીમાન્ડની માગણી સાથે રજૂ કરતાં દિવસ -૦૪ ના રીમાન્ડ માટે તપાસ અર્થે પોલીસ કસ્ટડીમાં સોંપેલ છે.

હળવદમાં ટપાલને જીવંત રાખવાનો નવતર પ્રયોગ

રિપોર્ટ રમેશ ઠાકોર હળવદ

શ્રી ઉમા કન્યા વિદ્યાલય હળવદ ની ધોરણ ૧૨ ની વિદ્યાર્થીનીઓએ વિસરાઈ ગયેલી ટપાલોને જીવંત કરવા માટે એક નવતર પ્રયોગ કર્યો. આજના મોબાઈલ યુગમાં ભાગ્યે જ કોઈક ના ઘેર ટપાલ આવતી હોય છે. ધોરણ ૧૨ ના અભ્યાસક્રમમાં તાર ટપાલ વિભાગની લગતો એક ટોપિક છે આ ટોપિકને અનુલક્ષીને ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી હોસ્ટેલની વિદ્યાર્થીનીઓએ પોતાના પરિવારને ટપાલ લખી ને મકરસંક્રાંતિ ના તહેવારોમાં પતંગ ચગાવતી વખતે અગાસી માંથી પડવાના,વીજળીના તારને અડકવાથી બનતા બનાવો થી બચીને કેમ સુરક્ષિત રહેવું તેની વાત કરી છે. ખુલ્લા આકાશમાં ઉડતા પક્ષીઓને ચાઈનીઝ દોરી નુકસાન ન થાય તે માટે ચાઈનીઝ દોરી નો ઉપયોગ ટાળવો જોઈએ એવું જણાવીને જીવ દયા ની ભાવના વ્યક્ત કરી છે. મકરસંક્રાંતિ ના તહેવારોમાં સાવચેતી રાખીને પતંગ ચગાવી ને આ પવિત્ર તહેવારોની ઉજવણી કરવી જોઈએ એવું જણાવ્યું છે. વર્તમાન સમયમાં ટપાલ નું મહત્વ વિસરાઈ રહ્યું છે ત્યારે આ વિદ્યાર્થીનીઓએ પોતાના ઘરે ટપાલ લખીને ટપાલના મહત્વને જીવંત રાખ્યું છે. એક સમય હતો જ્યારે લોકો દિવાળી ની શુભેચ્છાઓ ટપાલ લખીને પાઠવતા હતા. એ સમયે ઘેર ટપાલ આવવાની લોકો રાહ જોતા હતા. હાલના મોબાઈલ યુગમાં આ બધું વિસરાઈ રહ્યું છે. પૌરાણિક સમયમાં ટપાલ નું આગવું અને અનોખું મહત્વ હતું.

રવિવારે પૂ.ધીરજમુનિમ.ની નિશ્રામાં ૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ

આધુનિક વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલની ઉદઘાટન વિધિ: દેશ-વિદેશના દાતાઓની ઉપસ્થિતિ

મુખ્ય સમાચાર,રાજકોટ

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં છેલ્લા ૬૦ વર્ષથી કાર્યરત દિવ્યાંગ મૂક-બધિર બાળકોને શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ આપનાર સંકુલનું ગોંડલ સંપ્રદાયના શતાધિક ધર્મસ્થાનકના નિર્માણ પ્રણેતા પરમશ્રદ્ધેય પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી સંપૂર્ણ સંકુલનું નૂતનીકરણ દેશ-વિદેશના ઉદારદિલ દાતાઓના સહયોગથી કરવામાં આવેલ છે. પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૬૫ હજાર સ્કેવર ફીટ બાંધકામની જવાબદારી જાણીતા બિલ્ડર્સ અને દાનવીર જીતુભાઈ બેનાણીએ સફળતા પૂર્વક સંપન્ન કરેલ છે. જેનો ઉદઘાટન સમારોહ તા.૧૨ના રવિવારે યોજવામાં આવેલ છે.

રાજકોટમાં ૧૯૬૧માં રાષ્ટ્રીય શાળાના રૂમમાં ત્રણ બાળકોથી દિવ્યાંગ બહેરા-મૂંગા શાળાનો પ્રારંભ થયા બાદ હવે રાજકોટમાં મહાનગરપાલિકાએ આશરે ૬૦૦૦ વાર જમીન નજીવા દરે આપ્યા બાદ જૈન અગ્રણી દાતા છગનલાલ શામજી વિરાણી અને વ્રજકુવરબેન વિરાણીની સ્મૃતિમાં જયંતીભાઈ, શશીભાઈ અને ભુપતભાઈ વિરાણી તથા અન્ય દાતાઓના સહકારથી તારીખ ૦૨/૦૨/૬૬ ના ઢેબરભાઈ રોડ ખાતે નવા બિલ્ડિંગમાં પ્રારંભ કરવામાં આવેલ જેના પાયામાં ડો. પી. વી. દોશી, પુરુષોત્તમભાઈ ગાંધી વગેરેનું યોગદાન સ્મરણીય રહેશે.

વર્ષો જૂના જર્જરીત બિલ્ડીંગના રિનોવેશનના બદલે અભ્યાસ કરતા ૨૬૦ જેટલા બાળકોને આધુનિકતા સભર સુવિધા મળે તેવા ભાવથી શતાધિક ઉપાશ્રય, ગૌશાળા, હોસ્ટેલ, મેડિકલ સેન્ટર નિર્માણ પ્રણેતા ગુરુદેવશ્રી ધીરજમુનિ મહારાજ સાહેબની અસીમ કૃપાથી ટ્રસ્ટી મંડળે સંપૂર્ણ બાંધકામનું ડિમોલેશન કરી નૂતનીકરણ કરવાનું નક્કી કરતા પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં તારીખ ૨૫/૦૬/૨૨ ના શિલાન્યાસ અને ત્યારબાદ ભૂમિપૂજન ૨૪/૦૯/૨૨ ના કરવામાં આવેલ.બાંધકામનો પ્રારંભ થયા બાદ જાણીતા દાતાશ્રી જીતુભાઈ બેનાણીને કાર્ય સોંપવામાં આવેલ. તેઓએ તન મન ધનથી ટૂંકા સમયમાં કાર્ય કરેલ છે જે અભિનંદનીય છે. સંસ્થામાં રજનીભાઈ બાવીશી છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત અને ૨૫ વર્ષથી પ્રમુખ પદે સેવારત છે.

નવનિર્માણમાં શશીકાંત જી. બદાણી, બીનાબેન અજયભાઈ શેઠ, છગનલાલ શામજી વિરાણી પરિવાર, જીતેન્દ્રભાઈ બેનાણી, ડો. પી. વી. દોશી પરિવાર, રવિ કુમાર ભારદિયા, રોલેક્સ રિંગ્સ લિમિટેડ, રંગીલદાસ નથુભાઈ વારીયા, ઈન્દુભાઈ વોરા, કિશ પ્રણય દેસાઈ, ઈલા હરેશ મહેતા, કેતન જી. શોભાણા, નરેન્દ્રસિંહ જાડેજા, દયાબેન જી. શેઠ, અરુણાબેન એ. મહેતા, હાર્દિકાબેન જે. ભીમાણી, મયુરસિંહ ઝાલા, ચંદુભાઈ કે. વોરા વગેરે વિવિધ વિભાગના લાભાર્થી બન્યા છે.

૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત સંકુલમાં પાંચ કરોડ રૂપિયાની જરૂરિયાત છે. દાતાઓને લાભ લેવા ડો. નરેન્દ્ર દવે, ઈએ પ્રશાંત વોરાએ અપીલ કરેલ છે. દાનવીરો માટે યોજનામાં ૫૧ લાખ એમ્ફી થિયેટર, ૨૫ લાખ નવકાર મંત્ર તકતી, ૨૫ લાખ સરસ્વતી ચિત્રપટ, ૨૫ લાખ ભગવાન રામ ચિત્રપટ, ૨૫ લાખ શ્રીકૃષ્ણ ચિત્રપટ, ૨૫ લાખ મહાવીર ચિત્રપટ, ૨૫ લાખ શ્રીપાક ગૃહ, ૨૧ લાખ રેક્ટર રૂમ, ૧૧ લાખ વેઈટિંગ લોન્જ, ૯ લાખ સોપાન સીડી, ૫ લાખ જલમંદિર (કુલ ૯), ૫. લાખ રીડિંગ પોર્ચ, દોઢ લાખ સ્માર્ટ બોર્ડ તેમજ એક વિદ્યાર્થી વાર્ષિક દત્તક યોજનામાં ૨૫ હજાર અથવા તેના ગુણાંકમાં ગમે તેટલા વિદ્યાર્થી અને ગમે તેટલા વર્ષનો લાભ લઈ શકાશે.

(તસ્વીરઃ આનંદ જાવિયા)

નૂતન સંકુલ માં ૨૬૦ માંથી ૧૩૦ દીકરા-દીકરીઓ છાત્રાલયમાં રહે છે, પરંતુ ૩૦૦ નો સમાવેશ થાય તે રીતે ડબલ ડેકર પથારીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અતિ અધ્યતન અન્નપૂર્ણા ગૃહમાં જમવા માટે બેન્ચની સુવિધા તેમજ સ્કૂલમાં સ્માર્ટ બોર્ડ મુકાશે, નવિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલથનું ૧૨ જાન્યુઆરી, રવિવારે સવારે ૯:૩૦ કલાકે ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જેમાં અમેરિકાના મહેશ વાઘર, સેવંતીભાઈ મહેતા, જયંત કામદાર, બીના અનિલ કોટેચા તેમજ લંડનના મયુર મહેતા, રાજેશ વિરાણી, પરેશ વિરાણી, અપૂર્વ સંઘવી, રાજ વોરા, સુનિતા આર. મહેતા, મુંબઈના મહેન્દ્ર પારેખ, શીતલ પી. અવલાણી સહીત દેશ-વિદેશના ભાવિકો તેમજ રાજકોટના ઉદ્યોગપતિઓ, બિલ્ડરો દાતાઓ ઉપસ્થિત રહેશે.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી રજનીભાઈ બાવીસી, ડો. નરેન્દ્ર દવે, પ્રશાંત વોરા, પિયુષ વિરાણી, હંસિકાબેન મણિયાર, પ્રવીણભાઈ ધોળકિયા, ડો. કેતન બાવીસી, ડો. દર્શિતા શાહ, આયુષ વિરાણી, રાજેશ વિરાણી, હરેશ વોરા, કન્વીનર શૈલેષ વિરાણી તેમજ જીતુભાઈ બેનાણી, પંકજભાઈ મુછાળા વગેરે જહેમત ઉઠાવી રહેલ છે. દાતાઓને દાનનો લાભ લેવા મો. (૯૪૨૭૨ ૦૬૭૯૭) તથા મો. (૯૩૭૪૧ ૬૧૬૧૬), (મો. ૯૭૧૪૨ ૦૨૦૨૯) પર સંપર્ક કરવા જણાવાયું છે. પૂ. ધીરજમુનિ મ.સા. એ સમાજના દરેક લોકોને આહવાન કરેલ છે કે એકવાર સહ પરિવારે દિવ્યાંગ મૂક બધીર બાળકોની મુલાકાત લઈને આપણા જીવનમાં મળેલી ઈન્દ્રિયોનો સદુપયોગ થાય છે કે નહીં? તેનું નિરીક્ષણ કરવું જોઈએ. સુખી સદગૃહસ્થો એક અથવા વધુ બાળકોની દતક યોજનામાં જોડાતા જશે તો સંપત્તિ મહાલક્ષ્મી બન્યા વિના રહેશે નહીં!

આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના જન્મદિવસ નિમિત્તે ગુજરાતભરથી તેમના પર શુભેચ્છાઓનો વરસાદ

મુખ્ય સમાચાર,રાજકોટ

આજે ગુજરાતના પ્રખ્યાત રાજનેતા અને પખેડૂતોના મસીહાથ તરીકે ઓળખાતા અને આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીનો જન્મદિવસ છે. ઈસુદાન ગઢવીએ પત્રકાર તરીકે તેમની યાત્રાની શરૂઆત કરી ત્યારથી જ તેમણે ગુજરાતના સામાજિક અને રાજકીય વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમની સ્પષ્ટ અને નીડરતાથી બોલવાની ક્ષમતા અને સંવેદનશીલતા તેમને સામાન્ય લોકોમાં અને ખાસ કરીને ખેડૂતોમાં લોકપ્રિય બનાવે છે. ગુજરાતના સામાન્ય જનતા સાથે જોડાયેલા મુદ્દાઓને સમજવામાં અને તેમને મજબૂત અવાજ આપવા માટે તેમના પ્રયાસ હંમેશા પ્રશંસનીય રહ્યાં છે. ઈસુદાન ગઢવીએ તેમના પત્રકારિતા જીવન દરમિયાન કોઈ પણ નેતા કે સરકારથી ડર્યા વિના ગુજરાતની સામાજિક સમસ્યાઓ

અને સરકારની અનિયમિતતાઓ સામે તેમણે અવાજ ઉઠાવ્યો હતો. તેઓનું પ્રખ્યાત ટીવી શો, જે રાજકીય, સામાજિક અને ખેડૂતના મુદ્દાઓ પર કેન્દ્રિત હતું, તે શો ખૂબ જ લોકપ્રિય બન્યો હતો.

રાજકીય જીવનમાં પ્રવેશ કર્યા પછી પણ તેમણે પોતાના સુધારાત્મક પ્રયાસો ચાલુ રાખ્યા. તેમની દ્રષ્ટિ માત્ર એક જ છે - નસ્ત્રગુજરાતને નવી દિશા અને નવી ઉંચાઈઓ સુધી લઈ જવું.સ્ત્રસ્ત્ર આ દિશામાં, તેમણે દરેક ગરીબ, મધ્યમવર્ગ, ખેડૂતો, દલિત, આદિવાસી, માલધારી સહીત તમામ ધર્મ અને સમાજના લોકોના વિકાસ અને સુખ-સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ પ્રયાસો કર્યા છે. ઈસુદાન ગઢવીનું જીવન ઘણા નવયુવાનોને પ્રેરણા આપે છે, જેઓ સુધારાત્મક પરિવર્તન લાવવાની આકાંક્ષા રાખે છે.

તેમના આ જન્મદિવસના પ્રસંગે સમગ્ર આમ આદમી પાર્ટી સહિત ગુજરાતભરના લોકો તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યાં છે અને તેમની સાથે એક સુંદર અને શક્તિશાળી ગુજરાતના સપનાને મજબૂત બનાવી રહ્યા છે. ઈસુદાનજીએ સાબિત કર્યું છે કે જો એક વ્યક્તિ પોતાના વિચારો અને હિંમતમાં મજબૂત હોય, તો તે સમાજમાં મહત્વપૂર્ણ બદલાવ લાવી શકે છે. તેમના આ અનોખા પ્રવાસ માટે તેમને હાર્દિક શુભેચ્છાઓ અને ગુજરાત માટેના તેમના સપનાનું સાકાર થવાની પ્રાર્થના!

રાજકોટ આપ સંગઠન દ્વારા PMJAY યોજનામાં સુધાર લાવવા મુદ્દે મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રીને આવેદનપત્ર અપાયુ

PMJAY કાર્ડ બનવામાં એક માસ જેટલો સમય લાગે છે, જેના કારણે ગરીબ લોકો આકસ્મિક સમયમાં મુશ્કેલીમાં મુકાય છેઃ આપ

મુખ્ય સમાચાર,રાજકોટ

આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર સંગઠન દ્વારા ડખઉંઅઢ યોજના મુદ્દે આજે કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને અગ્ર સચિવને આવેદનપત્ર મોકલવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોકસભા પ્રમુખ દિલીપસિંહ વાઘેલા, શહેર યુવા પ્રમુખ પિયુષ ભંડેરી, ઈઢજજ પ્રદેશ ઉપપ્રમુખ સૂરજ બગડા, રાજેશ ડાંગરિયા, પ્રકાશ ચાવડા, શીતલ ગોહેલ, કે કે પરમાર તથા શહેરનાં અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતના પ્રવર્તમાન સમયમાં ડખઉંઅઢના કાર્ડ દ્વારા મજુર, મધ્યમ અને છેવાળાના લોકોના સુખાકારી માટે સરકાર દ્વારા

(તસ્વીરઃ આનંદ જાવિયા)

યોજના લાગુ કરવામાં આવી છે. પરંતુ સામાન્ય નાગરીકને જયારે આકસ્મીક રીતે મેડીકલની જરૂરીયાત ઉભી થાય ત્યારે કાર્ડ બનાવવાની પ્રકિયામાં એકાદ માસ જેટલો સમયગાળો લાગે છે. તેમજ યોગ્ય કારણ દર્શાવ્યા વિના અરજી રદ પણ કરવામાંઆવે છે. આ ડખઉંઅઢ કાર્ડ બનાવવામાં ખુટતી અધુરાશ જણાવીને ઘટતી વિગતો સાથે જાણ કરી અને ઝડપથી ડખઉંઅઢ કાર્ડ બનાવવું જરૂરી છે. જેથી સાચો જરૂરીયાતમંદ નાગરીક આ સુખાકારીના લાભથી વંચિત ના રહે છે.

તાજેતરમાં જે ખ્યાતી કાંડ બનેલ છે, તેનો ભોગ આડકતરી રીતે ગુજરાતના જરૂરીયાતમંદ લોકો બની રહ્યા છે. આ માટે આરોગ્ય વિભાગ તેમજ અન્ય વહીવટી સંસ્થાઓ, એજન્સીઓ અને આ લગત કામગીરી કરતા તમામ લોકોને ખાસ સુચના આપી આ પ્રકિયા અગાઉ જે રીતે ૨૪ કલાકમાં નિયમાનુસાર ડખઉંઅઢ કાર્ડ બને અને કોઈપણ દર્દી ડખઉંઅઢ કાર્ડની અરજી કર્યા બાદ તેઓને જરૂરીયાત મુજબની મેડીકલને લગતી તમામ સુવિધાઓ સાથે સાથે ઉપલબ્ધ કરવાની જે તે વિભાગ દ્વારા પરવાનગી આપવામાં આવે, જેથી જરૂરીયાત મંદ દર્દી આકસ્મીક સારવારથી વંચીત ના રહે.

આ પધ્ધતિ અપનાવવાથી જરૂરીયાત મંદ લોકોની સાચી સેવા કરી ગણાશે.

૬૩ બાળકો હાર્ટ પેશન્ટ, ૧૯ને કેન્સર

કોર્પોરેશનની શાળા, આરોગ્ય ચકાસણીમાં ચોંકાવનારા આંકડા

મુખ્ય સમાચાર,રાજકોટ

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરી શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો હતો શહેરની તમામ શાળાઓના ૨,૮૬,૮૩૬ બાળકોની ચકાસણી કરાતા ચોકાવનારા આંકડાઓ બહાર આવ્યા છે જે મુજબ નાની ઉંમરમાં હૃદય રોગના લક્ષણો ધરાવતા ૬૩ બાળકો ને નોંધણી કરવામાં આવી છે અલગ અલગ શાળાઓમાં અભ્યાસ કરતા ૬૩ બાળકોને અત્યારથી હાર્ટ એટેક ના લક્ષણો જોવા મળ્યા છે તેના લીધે આરોગ્ય વિભાગે આ બાળકોના વાલીઓને આ અંગેની જાણકારી આપી જરૂરિયાત મુજબની ટ્રીટમેન્ટ લેવાની સૂચના સાથે આરોગ્ય વિભાગે પણ અન્ય રોગના લક્ષણો ધરાવતા બાળકો ની સારવાર સહિતના પગલાંઓ લેવા માટેની કાર્યવાહી હાથ ધરી છે

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સરકારી આદેશ બાદ દર વર્ષે શાળામાં ભણતા તમામ બાળકો નું આરોગ્ય ચકાસવામાં આવે છે જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની પ્રાથમિક તેમજ પ્રાઈમરી શાળાઓમાં ચકાસણી યાદ કરવામાં આવી હતી મહાનગરપાલિકા તેમજ અન્ય ૨૦ ડોક્ટરો અને પેરા મેડિકલ ની ટીમ દ્વારા શાળા ચકાસણી કાર્યક્રમ દરમિયાન અલગ અલગ પ્રકારના રોગના લક્ષણો ધરાવતા બાળકોની યાદી તૈયાર કરવામાં આવી હતી જેમાં જેમાં ફરી વખત હૃદય રોગના લક્ષણો ધરાવતા ૬૩ બાળકો નોંધાયા છે.

આથી આરોગ્ય વિભાગ ચોકી ઉઠ્યું હતું અને અને શાળાના તમામ ૨,૮૬,૮૩૬ બાળકોની યાદી તૈયાર કરી રાજ્ય સરકારમાં મોકલવામાં આવી

છે તેમજ તેમજ અલગ અલગ પ્રકારના રોગના લક્ષણો ધરાવતા બાળકોની યાદી અલગથી તૈયાર કરી તેઓની સારવાર માટે પણ પગલાંઓ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

આમ આમ શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ફરી એક વખત વધુ બાળકોમાં હૃદય રોગના લક્ષણો જોવા મળતા આરોગ્ય વિભાગ ચોંકી ઊઠ્યું હતું અને આ મુદ્દે સરકારે પણ સૂચના આપી સૂચના આગામી દિવસોમાં સાડા આરોગ્ય ચકાસણી માં નવા ફેરફારો તેમજ ગંભીર પ્રકારના રોગના લક્ષણો ધરાવતા બાળકો ના વાલીઓને સૂચનાઓ આપવા તેમજ આ પ્રકારના મધ્યમ વર્ગી બાળકોને જરૂરી સારવાર માટે પણ પગલાં લેવામાં આવે એમ જણાવ્યું છે.

રાજકોટ ડિવિઝનમાં હવે દિવ્યાંગ લોકો ઘરે બેઠા બનાવી શકશે રેલ્વે કન્સેશન કાર્ડ

મુખ્ય સમાચાર,રાજકોટ

ટ્રેનોમાં મુસાફરી કરતા દિવ્યાંગ વ્યક્તિઓને રેલવે દ્વારા જારી કરાયેલા પાસના આધારે ટિકિટ પર છૂટ આપવામાં આવે છે. આ પાસ મેળવવા માટે દિવ્યાંગજનોને ડીઆરએમ ઓફિસમાં આવવું પડતું હતું, પરંતુ હવે દિવ્યાંગજનો ઘરે બેઠા પાસ મેળવી શકે તે માટે દિવ્યાંગજન કાર્ડ એપ શરૂ કરવામાં આવી છે. દિવ્યાંગોએ ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડશે, મુખ્યાલય (ડીઆરએમ ઓફિસ) આવવાની જરૂર નથી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાએ માહિતી આપી હતી કે પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝનમાં દિવ્યાંગો માટે આ સુવિધા ઉપલબ્ધ થઈ ગયી છે.

ટ્રેનમાં મુસાફરી કરતા દિવ્યાંગો માટે આ રાહતના સમાચાર છે. ભારતીય રેલ્વેએ દિવ્યાંગો માટે કન્સેશન સર્ટિફિકેટ બનાવવા માટે એક પોર્ટલ તૈયાર કર્યું છે, જે દિવ્યાંગોને કન્સેશન સર્ટિફિકેટ મેળવવામાં મદદરૂપ થશે. આ કાર્ડ મેળવવા માટે, એપમાં જરૂરી વિગતો ભરો, જેમાં આઈડી પ્રૂફ, મોબાઈલ સાથે લિંક કરેલ આધાર કાર્ડ, સિવિલ સર્જન તરફથી અપંગતા પ્રમાણપત્ર, રહેણાંક પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર, હોસ્પિટલ દ્વારા જારી કરાયેલ રેલ્વે કન્સેશન પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝ ફોટો, રેશન કાર્ડ કાર્ડની એક નકલ સબમિટ કરવાની રહેશે. ડીઆરએમ ઓફિસના અધિકારીઓ ફોર્મનું નિરીક્ષણ કરશે. દિવ્યાંગજન એપનો ઉપયોગ કરીને, વ્યક્તિ પોતાના મોબાઈલ પર ઈ-દિવ્યાંગજન કાર્ડ ડાઉનલોડ કરી શકશે. આ પોર્ટલની મદદથી, દિવ્યાંગ લોકો તેમના ઘરેથી કન્સેશનલ સર્ટિફિકેટ માટે ઓનલાઈન અરજી કરી શકશે. હવે તેમને આ કામ માટે રેલવેના ડીઆરએમ

ઓફિસ કાર્યાલયમાં આવવાની જરૂર રહેશે નહીં.

દિવ્યાંગજનોએ સૌપ્રથમ રેલવે વેબસાઈટ divyangjanid.indianrail.gov.in પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ઓનલાઈન અરજી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, રેલ્વે ટિકિટ રાહત નું પ્રમાણપત્ર ફક્ત ઓનલાઈન જ જારી કરશે. દિવ્યાંગ કાર્ડ માટે ઓનલાઈન અરજી કરવા માટે મેડિકલ કાર્ડની નકલ પણ અપલોડ કરવાની રહેશે. આ સિસ્ટમને સરળ બનાવવા માટે, દિવ્યાંગ લોકો ભારત સરકારના ઓનલાઈન પોર્ટલ www.swavlambancard.gov.in પર અરજી કરીને પણ તેમનું મેડિકલ કાર્ડ મેળવી શકે છે. અરજદારે તમામ દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત સોફ્ટ કોપી અપલોડ કરવાની રહેશે. કન્સેશન સર્ટિફિકેટ પર ઉલ્લેખિત ડોક્ટરનું નામ, નોંધણી નંબર અને દિવ્યાંગતાની પ્રકૃતિ પણ લખવી જરૂરી રહેશે.

રેલ્વે કન્સેશન કાર્ડની સુવિધા મેળવતા તમામ દિવ્યાંગ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે જેમના કાર્ડ પહેલાથી જ બની ગયા છે તેમણે અરજી કરવાની જરૂર નથી.

ફક્ત તે જ દિવ્યાંગ વ્યક્તિઓએ અરજી કરવી જેઓ નવું કાર્ડ બનાવવા માંગે છે અથવા જેમના કાર્ડની મુદત પૂરી થઈ ગઈ છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે દિવ્યાંગજનો ને રેલ્વે કન્સેશન કાર્ડ મેળવવા માટે આ ઓનલાઈન પોર્ટલ સુવિધાનો લાભ લેવા માટે વિનંતી કરી છે.

SMCએ મજેવડીકાંડના બે આરોપીને જુનાગઢમાંથી દબોચી લીધા

સ્થાનિક પોલીસની કામગીરી સામે સર્જાયા સવાલોઃ મુખ્ય આરોપીઓ બુટલેગર અને ગોડાઉન ભાડે રાખનાર શખ્સો હજુ ફરાર

મુખ્ય સમાચાર,જૂનાગઢ

જૂનાગઢમાં સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફે ફરીથી સ્થાનિક પોલીસનું નાક કાપીને દોઢ વર્ષથી ફરાર અને પોલીસને હાથતાળી આપી રહેલા મજેવડીકાંડના એક આરોપીને શહેરમાંથી ઝડપી પાડીને એ ડિવીઝન પોલીસને સોપ્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ એસ.એચ.ગઢવી સહિતના સ્ટાફે આજે સાંજે ૫.૩૦ કલાકે જૂનાગઢમાંથી સોયબઅહેમદ શબ્બીરઅહેમદ શેખ ઉ.૩૫ (રહે. કુંભારવાડા) નામના આરોપીને ઝડપી લીધો હતો, આ શખ્સની સંડોવણી ૨૦૨૩ ની સાલમાં તા.૧૬ જુનના રોજ રાતે મજેવડી દરવાજા પાસે થયેલા પોલીસ ઉપર હુમલાની ઘટનામાં હતું, અને આ કેસમાં આરોપીઓ સામે હત્યા

અને હત્યાની કોશિષનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો, જે કેસમાં આ આરોપી હોવાનું સામે આવ્યું હતું, તે છેલ્લા દોઢ વર્ષથી સ્થાનિક પોલીસના સકંજામાં આવતો ના હતો.

જે જૂનાગઢ શહેરમાં જ હોવાની હકીકત મળતા સ્ટેટ મોનીટરીંગ સેલમાં સ્ટાફે તેને ઝડપી લઈને એ ડિવીઝન પોલીસને સોપી દીધો છે. ૧ હજુ તો થોડા દિવસો પહેલા સ્ટેટ મોનીટરીંગ સેલે માખીયાળા પાસે એક ગોડાઉનમાંથી ૧૦ લાખનો દારુ ઝડપી લઈનેસ્થાનિક પોલીસનું નાક કાપી નાખ્યું હતું, જે કેસમાં હજુ મુખ્ય આરોપીઓ બુટલેગર અને ગોડાઉન ભાડે રાખનાર શખ્સો હજુ ફરાર છે, તેને પકડવામાં પોલીસને સફળતા મળી નથી, ત્યારે ફરીથી એસએમસી જૂનાગઢમાં ખાબકતા પોલીસબેડામાં ચર્ચા જાગી છે.

આફ્રિકા રહેતા પતિએ પત્નીને ત્રાસ આપ્યાની ફરિયાદ

મુખ્ય સમાચાર,રાજકોટ

મહિલા પોલીસ સ્ટેશનમાં ત્રણવાર તલ્લાકનો મેસેજ કરી પત્નીને તરછોડી દેનાર મૂળ રાણાવાવના અને હાલ આફ્રિકા રહેતા પતિ સામે પત્નીએ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. ઝુમમાં મસ્જીદ પાસે મુકરબા શેરીમાં છેલ્લા છ મહિનાથી માવતરે રહેતા રેશ્માબેન શબ્બીરભાઈ પટેલ ઉ.૩૮ નામની પરિણીતાએ મૂળ રાણાવાવના હાલ આફ્રિકાના કોન્ગો કોલવેજી ખાતે રહેતા પતિ શબ્બીર હારૂનભાઈ પટેલ સામે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણીના લગ્ન ૩૦ મેં ૨૦૨૧ના રોજ થયા હતા સંતાનમાં એક દીકરો છે લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતા હોય સાસરીયા નાની નાની બાબતમાં ઝઘડા કરતા હતા અને પતિ ખોટી શંકા કરી મારફૂટ કરતા હતા મેં ગર્ભવતી હોવાની વાત કરતા પતિએ મારે બાળક જોઈતું નથી, હું

ગર્ભપાતની દવા લઈ આવું છું તેમ કહેતા મેં ના પાડતા મારફૂટ કરી હતી રીસામણે આવેલ નણંદ તથા સાસુ કામ બાબતે ઠપકો આપી તને કાઈ આવડતું નથી કહી ત્રાસ આપતા ગાળો દઈ ઘરમાંથી કાઢી મુક્ત અરજી કરી હતી રાણાવાવ પોલીસમાં ૨૦૨૨માં ફરિયાદ નોંધાવી હતી તે પછી ૨૦૨૩માં સમાધાન થતા ફરી સાસરે ગઈ હતી મેં ૨૦૨૩માં પતિ આફ્રિકા નોકરી માટે જતા હું મુંબઈ મુકવા ગઈ હતી ત્યારે ત્રણેક મહિના બાદ હું તને તેડાવી લઈશ તું માવતરે રહેજે તેમ કહેતા હું માવતરે રહેતી હતી ગત ૮ ઓક્ટોબરના પતિ ફોન કરતો હોય પરંતુ પૂત્ર રડતો હોવાથી ફોન નહિઉપાડતા પતિએ મેસેજ કરેલ કે હવે તારું જરીર્ત નથી હું તને તલાક આપું છું કહી ત્રણ વાર તલ્લાક, તલ્લાક, તલ્લાક મેસેજ મોકલ્યો હતો ડાયવોર્સના કાગળ મોકલ દઈશ મારા ભાઈએ ફોન કરતા તું તારા રસ્તે અને હું મારા રસ્તે તેમ કહી દેતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

૨૨ જાન્યુઆરીએ રેસકોર્સમાં રઘુવંશીનું જ્ઞાતિ ભોજનઃ રઘુવંશી આગેવાનોની મિટીંગ યોજાઈ

તા.૨૧ જાન્યુઆરીએ ગૌ સેવાના લાભાર્થે દેવાયત ખવડ અને લાખણસી ગઢવીનો ભવ્ય લોકડાયરો

મુખ્ય સમાચાર,રાજકોટ

લોહાણા સમાજના કુળદેવતા ગૌ માતાની રક્ષા કાજે લગ્ન મંડપ છોડી શહીદી વહોરી લેનાર વીરદાદા જશરાજજીના શૌર્ય દિનની ઉજવણી અંતર્ગત રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો અને નાતજમણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોને અનુલક્ષીને રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ મધ્યસ્થ કાર્યાલય,ખાતે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા દર વર્ષે જલારામ જયંતીનું આયોજન કરતા તમામ રઘુવંશી અગ્રણીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.અને તા. ૨૨ જાન્યુઆરીએ થનારા વિશાળ જ્ઞાતિ ભોજન અંગેની આગામી રૂપરેખા તૈયાર કરવામાં આવી. વિવિધ સમિતિઓને કામની વહેંચણીથી લઈને ગ્રાઉન્ડની વ્યવસ્થા જાળવવા અંગેનું માર્ગદર્શન અપાયું હતું.

રેસકોર્સમાં યોજનાર જ્ઞાતીભોજનમા આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારના જ્ઞાતિજનો પણલાભ લેશે.

આ નાતજમણમાં એક સાથે એક જ સ્થળે એક જ સમયે તમામ રઘુવંશીઓ એક સાથે હરીહર કરશે. વીરદાદા જશરાજજીના શૌર્ય દિન અને ગૌ સેવાના લાભાર્થે તા. ૨૧ જાન્યુઆરીને મંગળવારે ભવ્ય લોકડાયરો રાખવામાં આવ્યો છે. જેમાં દેવાયત ખવડ અને લાખણસી ગઢવી દુહા-છંદ અને વીરરસની જમાવટ કરશે. જયારે ૧૮ જાન્યુઆરીએ રઘુવંશી સમાજ દ્વારા ભવ્ય આમંત્રણ રેલી પણ યોજાશે.સમાજ ના યુવાનો વડીલોના માર્ગદર્શન હેઠળ આ મેગા આયોજનને ક્ષતિશુન્ય બનાવી રહ્યા છે જેના લીધે રઘુવંશી સમાજના આંગણે એકતાનો સુરજ ઉગશે. આ મિટીંગમાં મહિલા મોરચાના પ્રમુખ કાશ્મીરાબેન નથવાણી, રઘુવંશી અગ્રણી શૈલેષભાઈ પાબરી, રમેશભાઈ ઠક્કર, મનીષભાઈ રાડીયા કમલેશભાઈ મીરાણી, વિક્રમભાઈ પુજારા , દિનેશભાઈ કારીયા, કાળુ મામા ભરતભાઈ રેલીયા, ભરતભાઈ કોટક , જગદીશભાઈ ભોજાણી, અશ્વિનભાઈ બુદ્ધદેવ, મનોજભાઈ ચતવાણી, પ્રવીણભાઈ કાનાબાર, અશોકભાઈ હિંડોચા, અમિતભાઈ પાઉં,પરેશભાઈ તન્ના, રમણભાઈ કોટક, મનીષભાઈ સોનપાલ,નિલેશભાઈ જોબનપુત્રા, રાજુભાઈ દાવડા, આશિષભાઈ પુજારા, રાજુભાઈ પુજારા સહિતના રઘુવંશી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ જ્ઞાતિ ભોજનને સફળ બનાવવા દિવસો અગાઉ જ્ઞાતિ અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યા છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ભગવતીપરામાં ઈમિટેશનના ધંધાર્થીએ ૫ લાખ સામે ૮.૫૦ લાખ ચુકવ્યા છતાં વધુ ૮.૫૦ લાખ માંગી મારી નાખવાની ધમકી

■ વ્યાજખોર પિતા–પુત્ર સહિત ત્રણ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

મુખ્ય સમાચાર,રાજકોટ

મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ ભગવતીપરામાં રહેતા શેખ શરીફઅલી અરઅલીએ ૫ લાખ સામે ૮.૫૦ લાખ ચુકવ્યા છતાં વધુ ૮.૫૦ લાખ માંગી મારી નાખવાની ધમકી આપતા મૂળજી સિંધાભાઈ મૂંધવા તેના પુત્ર નીલેશ અને ગોકળ ઉર્ફે ગોકો સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતાને ઈમિટેશનનો ધંધો કરવો હોય પોણા બે વર્ષ પૂર્વે આર્યનગરમાં મૂળજીભાઈનું મકાન ભાડે રાખ્યું હતું તેણે રૂપિયાની જરૂર હોય તો કહેજો તેમ કહેતા ધંધા માટે ૨ લાખ ૧૦ ટકે લીધા હતા તેનું ૨૦ હજાર વ્યાજ કાપી ૧.૮૦ લાખ આપ્યા હતા અને હું વ્યાજ તથા ભાડું મળી ૫૫ હજાર ભરતો હતો તે પછી ફરી પૈસાની જરૂર હોય તો કહેજે ઓછા વ્યાજે આપીશ તેમ કહેતા વધુ ૩ લાખ ૬ ટકે લીધા હતા જેનું વ્યાજ કાપી ૨.૮૨ લાખ આપ્યા હતા ત્યાર બાદ તેણે બે ચેક લીધા હતા અને ૫ લાખનું હવે ૬ ટકા વ્યાજ આપવું પડશે તેમ કહ્યું હતું ક્યારેક હપ્તો કે વ્યાજ ભરવામાં મોડુ થાય તો ગોકો ફોન કરી ઉઘરાણી કરતો હતો મે ડિસેમ્બર ૨૦૨૪ સુધી ભાડું અને વ્યાજ ભર્યું હતું તે પછી આર્યનગરમાં માથાકૂટ થતાં મારા કારીગરો ભાગી ગયા હોય જેથી મે

મકાન ખાલી કરવાની વાત કરતાં મૂળજીભાઈએ તું પુત્ર નીલેશ સાથે વાત કરી લેજે તેમ કહેતા હું તેની હોટલે વાત કરવા જતાં નિલેશે ઉપર રૂમમાં આવ તેમ વાત કરતાં મે ઉપર જવાની ના પાડતા ફડાકો મારી ઉપર રૂમમાં લઈ જઈ તે વ્યાજે લીધેલા ૫ લાખના ૮.૫૦ લાખ આપ તો જ મકાન ખાલી કરવા દઈશ જો પૈસા નહિ આપે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચેક રિટર્ન કેસમાં મહિલાને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં રહેતા રાજુભાઈ ગોરીએ તેમના કૌટુંબીક સંબંધી જ્યોત્સનાબેન જિજ્ઞેશભાઈ શીંગાળાને હાથ ઉછીના ૧ લાખ રૂપિયા આપ્યા હતા જે ચૂકવવા મહિલાએ આપેલ ચેક બેંકમાંથી પરત થતાં કોર્ટમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે કેસમાં અદાલતે આરોપી મહિલાને ૧ વર્ષની સજા ફટકારી હતી. જામનગર રોડ પર આવેલી વાલ્મીકી સોસાયટી ઉપર રાજુભાઈ મેઘજીભાઈ ગોરીએ તેના કૌટુંબીક સંબંધી જ્યોત્સનાબેન જીજ્ઞેશભાઈ શીંગાળા (રહે. રાજકોટ) ને ૧ લાખ રૂપિયા હાથ ઉછીના આપેલ થોડાક સમય બાદ ફરિયાદીએ પોતાના નાણા પરત માંગતા જ્યોત્સનાબેન લેણી રકમનો ચેક આપ્યો હતો.આ ચેક ફરીએદીએ બેંકમાં જમા કરાવતા પરત ફરેલ જેથી

કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કેસ ચાલી જતાં ફરિયાદીના વકીલ કરેલી રજૂઆતો અને દલીલોના અંતે અદાલતે આરોપી જ્યોત્સનાબેને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ફરીયાદીને વળતર પેટેની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ તો વધુમાં છ મહિનાની સજાનો હુકમ કર્યો હતો.આ કેસમાં ફરિયાદી એડવોકેટ દિલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી રોકાયેલ હતા.

અકસ્માતે મોતના બનાવમાં વારસદારોને ૬૦ લાખ વળતર ચુકવવા કોર્ટનો આદેશ

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં વર્ષ ૨૦૨૦ માં કોઠારીયા ચોકડી બ્રીજ પાસે બોલેરો ચાલકે એક્ટિવા લઈને જઈ રહેલા ૩૮ વર્ષીય યુવકને અડફટે લેતાં તેનું મોત નિપજ્યું હતું. જે અંગે મૃતકના વારસદારોએ રાજકોટ મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા કરેલી ક્લેઈમ અરજી કોર્ટે મંજૂર કરી વીમા કંપનીને રૂ.૬૦ લાખ ચૂકવવા આદેશ કર્યો હતો. બનાવની હકીકત એવી છે કે, ગત તારીખ તા.૧૨/૦૫/૨૦૨૦ ના સવારે ૬ વાગ્યા આસપાસ ગુજરનાર દિનેશભાઈ હસમુખભાઈ કારેલીયા(ઉ.વ.૩૮ રહે.કોઠારીયા) પોતાનુ એક્ટિવા લઈને ફેબ્રીકેશનના કામ અર્થે જતા નીકળ્યા હતા ત્યારે કોઠારીયા ચોકડી બ્રીજ પાસે એકટીવા રોડની સાઈડમાં પાર્ક કરી ઉભેલ હતા ત્યારે આજીડેમ ચોકડી તરફથી બોલેરો કાર નં.જી.જે.૨૭.યુ.૯૦૮૯ના ચાલકે પોતાની કાર પુરઝડપે બેદરકારી પુર્વક ચલાવી ટ્રાફીકોના નીયમોનું ઉલંઘન કરી રોડની સાઈડમાં ઉભેલા દિનેશભાઈને વાહન સહિત અડફેટે લઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સારવાર દરમિયાન દિનેશભાઈનું મોત નિપજ્યું હતું. જેથી આજીડેમ

પોલીસ સ્ટેશનમાં બોલેરો કારના ચાલક વિરૂધ્ધ આઈ.પી.સી. ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા ૩૦૪(અ) અને મોટર વ્હિકલ એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો અને તપાસના અંતે બોલેરો કારના ચાલક સામે ચાર્જશીટ પણ કરવામાં આવેલ હતી. આ અકસ્માતમાં ગુજરનાર દિનેશભાઈ કારેલીયાના વારસદારોએ રાજકોટ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા અરજી દાખલ કર્યા બાદ તેમના એડવોકેટ દ્વારા ગુજરનારની આવક તથા ભવિષ્યની આવકના મુદ્દાઓ પર દલીલો કરવામાં આવેલ અને પુરાવાઓ રજુ કરવામા આવેલ અને ગુજરનારના વારસદારો તેમના પર આધારીત હોય તેમજ અન્ય ગુજરનાર તેમના બ્રેડ વીનર હોય ત્યારે બંને પક્ષકારોની રજૂઆતો અને દલીલના અંતે અદાલતે બોલેરો ચાલકની બેદરકારી ઠરાવેલ અને ગુજરનાર દિનેશભાઈ કારેલીયા ના વારસદારોને રૂ. ૬૦ લાખનો હુકમ કર્યો હતો.આ કામમાં ગુજરનારના વારસદારો વતી એડવોકેટ અજય કે. જોષી, પ્રદિપ આર. પરમાર રોકાયેલ હતા.

ભુવાએ દાણા જોવાના બહાને પરિણીતાની છેડતી કરતાં ધીંગાણું, સાત શખ્સોનો ધારીયા – છરીથી જીવલેણ હુમલો

ચોટીલા પંથકની મહિલાની બીમારી દૂર કરવા ઢેઢુકીના ભુવાએ દાણા જોતી વેળાએ છેડતી કરતાં મામલો બીચકયો

મુખ્ય સમાચાર,રાજકોટ

વિંછીયા ઢેઢુકી ગામની સીમમાં લોહિયાળ જંગ ખેલાયો હતો. ભુવાએ દાણા જોવાના બહાને પરિણીતાની છેડતી કરતાં ધીંગાણું થયું અને સાત શખ્સોનો ધારીયા–છરીથી જીવલેણ હુમલો કરી દિધો હતો. ચોટીલા પંથકની મહિલાની બીમારી દૂર કરવા ઢેઢુકીના ભુવાએ દાણા જોતી વેળાએ છેડતી કરતાં મામલો બીચકયો હતો. ગઈ રાતે ભુવાના ઘરે ઘસી આવેલ શખ્સોએ હુમલો કરી ઢસડ્યો અને પત્નીની સાળી ખેંચી છેડતી કરતા સામસામી નોંધાયેલ ફરીયાદ પરથી વિંછીયા પોલીસે છેડતી, હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે વિંછીયાના ઢેઢુકી ગામની સીમમાં રહેતાં ચકુભાઈ પોલાભાઈ સાકળીયા (ઉ.વ.૬૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિશાલ સામંત મેણીયા (રહે. દેવપરા, ચોટીલા) નું નામ આપતાં બીએનએસ એક્ટ ૩૩૧(૬), ૭૬, ૧૧૫(૨), ૧૧૮(૧) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા.૦૮ ના સાંજે તેઓ પત્ની સાથે વાડીના મકાને ઓસરીના મકાને ખાટલામાં સુતા હતા અને રાત્રિના બે વાગ્યાની આસપાસ દેકારો થતાં તેઓ જાગી ગયેલ અને ઘરની ઓસરીમાં તેમની પત્ની તથા બીજા ત્રણ શખ્સો ઉભેલા હતા. તેઓ તેમની પત્નીને કહેતા હતા કે, ક્યાં ગયા ભુવા અમારે દાણા જોવડાવવા છે, તેમ કહીને તેમની પત્નીની સાડી ખેંચી નાખેલ અને તેની સાથે ઝપાઝપી કરવા લાગેલ હતાં. જેથી કહેલ કે, તમે બધા કોણ છો, જેથી તેમાંથી કોઈએ કહેલ કે, આજ ભુવા છે ને જેથી તેમના ભાણાનો દિકરો વિશાલ મેણિયાએ કહેલ કે, હા આજ ભૂવા છે, તેમ કહેતા તેની બાજુમાં ઊભેલ બે અજાણ્યા શખ્સના હાથમાં રહેલ લોખંડના પાઈપ વડે હુમલો કરી દિધો હતો. તેમજ વિશાલે પણ હાથમાં રહેલ પાઈપ વડે માર મારવા લાગ્યો હતો. બાદમાં દંપતીએ દેકારો કરતા અન્ય ૪ અજાણ્યા શખ્સો ધારીયા, છરી અને લાકડીઓ સાથે ઘસી આવેલ અને આરોપીઓએ હુમલો કરી દિધો હતો. માથાના ભાગે અને શરીરે થયેલ ગંભીર ઈજા પહોંચી હતી. માથાના ભાગે લોહી નીકળેલ અને તેમને ઢસડીને ઓસરીમાંથી ફળીયામાં લઈ ગયેલ તે દરમિયાન તેમનો પત્ની પણ હાજર હતી અને વચ્ચેટ દિકરો પણ દોડી આવતાં તેને પણ આરોપીઓએ પાઈપ વડે મારમાર્યો હતો.

દરમિયાન દેકારો થતાં આસપાસમાંથી લોકો દોડી આવતાં આરોપીઓ બેફામ વાણી વિલાસ કરી સફેદ કલરની કારમાં નાસી છૂટ્યા હતાં. બાદમાં તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે પ્રથમ ઢેઢુકી ગામ અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. વધુમાં ફરિયાદીએ બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, વિસેક દિવસ પહેલા તેમના ભાણા સામતભાઈનો ફોન આવેલ કે, સુરેશભાઈની પત્ની દવાખાને રિપોર્ટ સારા નથી આવતા નથી તેથી તમે દાણા જોઈ દયો, જેથી તેઓએ કહ્યું કે, મેં દાણા જોવાનું બંધ કરે કરેલ છે, તું દાદાને માનતા કર અને સારું થઈ જાય તો માનતા કરવા આવજો, પાંચેક દિવસ પહેલા સુરેશભાઈ તથા તેમની પત્ની દાદાએ માનતા કરવા તેઓના ઘરે આવેલા હતાં. ફરિયાદીના ઘરે દુધ ન હોય જેથી સુરેશભાઈ દૂધ લેવા ગયેલ અને દૂધ લઈને આવતા કહેવા લાગ્યા કે, તમે મારી પત્નીના હાથ કેમ પકડ્યો તેમ ખોટા આરોપ લગાડી બોલાચાલી કરી જતો રહેલ હતો. જે બાબતનો ખાર રાખી સુરેશનો નાનો ભાઈ વિશાલ અને અન્ય અજાણ્યા છ શખ્સોએ હથિયારોથી હુમલો કર્યો હતો.

શીતલ પાર્ક પાસે પાવડરનું પનીર બનાવતી ફેકટરી ઝડપાઈ

૧.૩૦ લાખનું ૮૦૦ કિલો શંકાસ્પદ બનાવટી પનીર કબ્જે કરી FSLમાં મોકલાયું: બનાવટી પનીરનો વેપલો થાય તે પુર્વે જ પોલીસ ત્રાટકી

મુખ્ય સમાચાર,રાજકોટ

શીતલ પાર્ક પાસેથી બનાવટી પનીર બનાવતું કારખાનું એસઓજીની ટીમે પકડી પાડી મોટી કાર્યવાહી કરી હતી. ગુજરાત ફૂડસ નામના કારખાનામાં દૂધની જગ્યાએ પાવડર વાપરી પનીર બનવવામાં આવતું હોવાનો ઘટસ્ફોટ થતા ૩૧.૨૦ લાખનું શંકાસ્પદ પનીર કબ્જે કરી એફએસએલમાં મોકલવામાં આવ્યું હતું. મિલાવટી પનીર વેંચાઈ તે પહેલાં જ પોલીસે કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એન.વી.હરિયાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે શીતલ પાર્ક પાસે આવેલ ગુજરાત ફૂડસ નામના કારખાનામાં મિલાવટી પનીર બનાવવામાં આવે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં ટીમે દરોડો પાડી બંધ કારખાનમાંથી શંકાસ્પદ પનીરનો મોટો જથ્થો ઝડપી પાડયો હતો.

પોલીસે પકડેલ ૮૦૦ કિલો પનીર રૂ.૧.૨૦ લાખનો મુદામાલ તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો. જે અંગેની અભિપ્રાય આવ્યાં બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં મળેલ વિગત મુજબ, પનીર બનાવતી ગુજરાત ફૂડસ નામનું કારખાનું સાધુ વાસવાણી રોડ પર રહેતાં હાર્દિક ઘનશ્યામ કારીયાનું છે અને તે દિવસના ચાર કલાક કારખાનામાં પનીર બનાવી કારખાનું બંધ રાખે છે. પોલીસે પકડેલ પનીર બનાવવામાં દૂધની જગ્યાએ દુધના પાવડર અને તેમાં મેળવવામાં આવતું એસિડ નબળી ગુણવત્તા વાળું હોવાનું સામે આવ્યું છે.

રાજકોટના ઢાંઢિયા ગામે વાડીમાં ચાલતા જુગારના અડા પર પોલીસ ત્રાટકી: ૮ શકુની ઝડપાયા

રૂ.૫૧૩૦૦ની રોકડ જપ્ત; ફરાર વાડી મૉલિકની શોધખોળ: ઉત્સવ પાર્કમાં પતા ટીંચતા ગાયક સહિત ૫ પકડાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભોગળે ભાવનગર હાઈ–વે પર સરધાર નજીક આવેલા ઢાંઢીયા ગામે વાડીમાં ચાલતા જુગારધામ પર ક્રાઈમબ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડી અડ્યા લાખની રોકડ સાથે ૮ પત્તાપ્રેમીઓને ઝડપી પાડ્યા હતા. ત્યારે વાડીમાલીકની શોધખોળ હાથ ધરી છે.

ક્રાઈમબ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એચે.એમ.ડામોર, સી.એચ.જાદવની સૂચનાથી પીએસઆઈ વી.વિડોડિયા સહિતના સ્ટાફ પેટ્રોલિંગમાં હોત દરમિયાન ઢાંઢીયા ગામની સીમમાં મહેશ કેશુભાઈ સાકરીયા પોતાની વાડીમાં જુગારધામ ચલાવતો હોવાની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી પત્તા ટીચતા જીતેન્દ્રસિંહ ભૂપેન્દ્રસિંહ સરવૈયા, જરાવંતસિંહ કરણસિંહ બેસ, ભગવાનભાઈ કરશનભાઈ ચૌહાણ, કૌશિક અર્જુનભાઈ મેરજા, હરપતસિંહ ચદુભા જાડેજા, ચતુર સામતભાઈ મકવાણા, મનીષ મહોનભાઈ આડેસરા અને રાજેશ હરખજીભાઈ ભૂતને ઝડપી પાડી પટ્ટમાંથી રૂ.૫૧૩૦૦ની રોકડ કબજે કરી હતી. જયારે વાડી માલીક મહેશ સાકરીયા ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરી છે. કોઠારીયા મેઈન રોડ પર સાઈબાબા સર્કલ પાસે ઉત્સર્વ પાર્કમા રેહણાંક મકાનમાં ચાલતી જુગારક્લબ ઉપર આજીડેમ પોલીસે દરોડો પાડી જુગાર રમતા મકાન માલીક કિશન વિઠ્ઠલભાઈ કવૈયા, ઉપરાંત ગાયક વિવેક ઉર્ફે સંજય વિજયભાઈ, કરણ દિપકભાઈ ચૌહાણ, ધર્મેન્દ્ર ચંદુભાઈ ભીડોરા, અને પાર્થ મનીપભાઈ બારડને ઝડપી લઈ પટ્ટમાંથી ૯૩૪૦૦ની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાનનો નામચીન તસ્કર પાસા માં સુરત જેલમાં ધકેલાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

મુળી રાજસ્થાનનો વતની અને હાલ રાજકોટ શહેર અને જિલ્લામાં અનેક ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા નામચીન તસ્કરને પોલીસે પહોંચી લઈ પાસા માં સુરત જેલમાં તકલી દેવામાં આવ્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમ ના પીએસઆઈ આરએચ ઝાલા સહિતનો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે શહેરમાં અનેક ગર્ફોડ ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા અને મૂળ રાજસ્થાન નો વતની રાહુલ ઉર્ફે પંડિત બાદલ બંજારનારા નામના નામચીન તસ્ક કરને સકનજામાં લઈ તેનો એ ગુજકો પ્રોજેક્ટ હેઠળ ગુનાહિત ઈતિહાસ ચેક કરી તેના પાસા ના કાગડો તૈયાર કરી વળી કચેરીએ મોકલાવવામાં આવતા તેના પર શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર જા યે મોહર લગાવી દેતા આ નામચીન તસ્કરને પાસા સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

મોબાઈલમાં મશગુલ રહેતા ધો.૧૦ના વિદ્યાર્થીને પિતાએ ઠપકો આપતા દવા પી આપઘાતનો પ્રયાસ

વર્તમાન સમયમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ બહુ વધી ગયો છે જો કે સદુપયોગ કરતા મોબાઈલનો દુરુપયોગ વધુ થઈ રહ્યો છે તેમાં પણ બાળકોમાં મોબાઈલ ઉપયોગનું ચલણ પણ વધી રહ્યું છે ત્યારે શહેરના ૧૫૦ ફટ રીંગ રોડ પર રહેતો ધોરણ ૧૦નો વિદ્યાર્થી મોબાઈલમાં મશગુલ રહેતો હોય પિતાએ ઠપકો આપતા જંતુનાશક દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત મુજબ શહેરના ૧૫૦ ફટ રીંગ રોડ પર આવેલ વીતરાગ સોસાયટીમાં રહેતો અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતો કૃષ્ણરાજ ધાધલ ઉ.૧૭ નામના તરુણે સવારે ઘરે જંતુનાશક દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો પોલીસ ચોકીના સ્ટાફે એમએલસી નોંધી યુનીવર્સીટી પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને નીવેદન નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં તરૂણ બે ભાઈમાં મોટો હોય અને મોબાઈલમાં વધુ પડતો મશગુલ રહેતો હોવાથી પિતાએ મોબાઈલ મૂકી દેવા ઠપકો આપતા લાગી આવતા આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

સુખસાગર સોસાયટીમાં એપાર્ટમેન્ટના ફલેટમાં રૂા.૪૪ હજારની ચોરી

ભગવતીપરા સુખસાગર સોસાયટીમાં આવેલ એપાર્ટમેન્ટમાં ફલેટને નિશાન બનાવી તસ્કરો રૂ.૪૪ હજારની કિંમતના સોના–ચાંદીના દાગીના ચોરી જતા પોલીસે ગુનો છે. મળતી વિગત મુજબ સુખસાગર સોસાયટી શેરી નં. ૬ માં આવેલ અમૃતવિલા એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૪૦૨, ૪૦૩ માં રહેતા ગૌરવભાઈ પ્રકાશભાઈ સોઢા (ઉ.વ.૩૭) એ બી–ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે,પોતે નોકરીએ ગયા હતા અને પત્ની પણ ફલેટના દરવાજાને તાળુ મારી નોકરીએ ગયા હતા બાદ સાંજે બંને પરત ઘરે આવતા ફલેટના દરવાજાનું તાળુ તુટેલુ જોતા પોતે અંદર જતા સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. બાદ રૂમમાં કબાટ ખુલ્લો જોતા તેમાં તપાસ કરતા રૂ. ૪૪ હજારની કિંમતના સોના–ચાંદીના દાગીના જોવા ન મળતા ચોરી થઈ હોવાની ખબર પડી હતી. બાદ પોતે બનાવની પોલીસમાં જાણ કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

આર્યનગરમાં કોલેજિયન યુવતીએ સહેલીના ઘરમાંથી ૧.૨૦ લાખના દાગીની કરી ચોરી

કપડા માંગી રૂમમાં ચેન્જ કરવાના બહાને ઘરમાંથી દાગીના સેરવી લેતા પોલીસે ગુનો નોંધ્યો

શહેરમાં આર્યનગરમાં રહેતી કોલેજીયન યુવતી સહેલીના ઘરે કપડા માંગવાના બહાને રૂમ માં જઈ કપડાં ચેન્જ કરવાના બહાને ઘરમાંથી દાગીના તફડાવી લેતી હતી. આ અંગે કુવાડવા રોડ પર રહેતા વેપારી દ્વારા તેમના ઘરમાંથી આ યુવતીએ ૧.૨૦ લાખના દાગીના ચોરી કરી લીધાની ફરિયાદ નોંધાવી છે. વિગતો મુજબ કુવાડવા રોડ પર કસ્તુરી રેસીડેન્સી શેરી નંબર ૨ માં રહેતા અને કુવાડવા રોડ ગુરૂદેવ પાર્ક શેરી નંબર બે ખાતે ચાંદીકામનો વ્યવસાય કરનાર રાજેશભાઈ ગોવર્ધનભાઈ અજુડીયા દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે આર્યનગર શેરી નંબર ૬ માં રહેતી પ્રિયંકા જગદીશભાઈ પાનસુરીયાનું નામ આપતા જણાવ્યું હતું કે, ગત તા. ૨૬–૧૨ ના તેઓ કામ પર હતા ત્યારે તેમના પત્નીનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, આપણા ઘરમાં કબાટમાં જે સોનાના દાગીના રાખ્યા હતા તે દેખાતા નથી જેથી તમે ઘરે આવો બાદમાં વેપારીએ ઘરે આવી જોતા દાગીના જોવા મળ્યા ન હતા. પ્રિયંકા નામની યુવતી પરિચિતોના ઘરે જઈ કપડાં પહેરવા માટે માંગી કપડાં ચેન્જ કરવાના બહાને પોતે રૂમમાં એકલી જઈ દાગીનાની ચોરી કરી લે છે અને આ પ્રકારે તેણે તેના કોઈ સગાના ઘરેથી ચોરી કરી હતી જે દાગીના પરત કરી દીધા હતા આ બાબતે વેપારીએ ઘરે ચર્ચા કરતા દીકરી ધ્રુવીએ કહ્યું હતું કે, તે પ્રિયંકાને ઓળખે છે અને પ્રિયંકા અહીં મારી પાસે કપડાં લેવા માટે આવી હતી.મે તેને મારા કપડાં દેખાડતા કપડા તેને ચેન્જ કરવા છે તેમ કહી મને રૂમમાંથી બહાર જવાનું કહ્યું હતું.અને ત્યારે તેને દાગીના ચોરી લીધા હતા. જેથી આ મામલે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

રેલવે પોલીસ સ્ટેશનના જમાદારનું ચાલુ ફરજે બેભાન હાલતમાં મોત

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જમાદારનું ચાલુ ફરજે બેભાન થઈ જતાં મૃત્યુ નીપજ્યું છે. હાર્ટ એટેક આવી ગયાની આશંકાએ તબીબો દ્વારા વિશેષ લઈ ફોરેન્સીક લેબમાં મોકલવામાં આવ્યા છે.જાણવા મળતી વિગત મુજબ મુળ મોરબીના અજનાળી ગામના વતની અને હાલ રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા દશરથસિંહ લાભુભા ગઢવી (ઉ.વ.૪૦) ગત રાત્રે રેલવે પોલીસ સ્ટેશનમાં ઈન્વે/કોર્ટરૂમ ડયુટીમાં ફરજ પર હતાં દરમિયાન આજે વહેલી સવારે ૬:૫૦ વાગ્યાના અરસામાં ચાલુ ફરજે બેભાન થઈ જતાં તેમનું મૃત્યુ નિપજ્યું અમદાવાદથી અઢી મહિના પહેલાં જ રાજકોટ બદલી થઈ આવેલા યુવકને હાર્ટએટેક આવ્યાની શંકા હતું.

આ અંગે રેલવે પોલીસ મથકના પીએસઆઈ બી.પી. વેગડાએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં તબીબો દ્વારા હેડ કોન્સ. દશરથસિંહનું હાર્ટ એટેકથી મૃત્યુ થયાની શંકાએ વિશેષ લઈ ફોરેન્સીક લેબમાં મોકલવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં મૃતક દશરથસિંહ બેભાઈ બે બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં બે પુત્ર છે. તેઓ અગાઉ અમદાવાદ ફરજ બજાવતા હતા અઢી મહિના પહેલા જ અમદાવાદથી રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં બદલી થઈ હતી. આ બનાવથી જમાદારના પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

નાણાવટી ચોક પાસે લુખ્ખા તત્વોએ હોકર્સ ઝોનમાં ટેબલ ખુરશીમાં તોડફોડ કરી સ્કૂટર ચાલક વૃદ્ધને માર માર્યો

શહેરના ૧૫૦ ફટરીંગ રોડ પર નાણાવટી ચોક હોકર્સઝોનમાં આવારા તત્વોનો આંતક સામે આવ્યો છે. હોકર્સઝોનમાં ગત રાત્રે ચાર– પાંચ જેટલા શખ્સો નશાની ચારકત માંથે આવી બાબતો મા ફરી કરી ઉશ્કેરાઈ જઈ વોકર્સઝોનમાં ટેબલ–ખુરશીમાં તોડફોડ કરી હતી. દરમિયાન ત્યાથી પસાર થતા નિર્દોષ સ્કૂટર ચાલક વૃદ્ધને રોકી તેને લાકડી વડે માર માર્યો હતો. જેથી લોકોના ટોળા એકઠા થઈ જતા પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરવામા આવી હતી. જો કે, પોલીસ પહોંચે તે પહેલા જ નાશાખોરો ત્યાથી છનન થઈ ગયા હતા. આ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા પોલીસે નશાખોર આવારા શખ્સોની શોધખોળ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ શખ્સો વોકર્સઝોન પાછળ આવેલી આવાસ ટાઉનશીપના હોવાનુ અને અવાર– નવાર નશાની હાલતમાં આવી માથાકૂટ કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. આ સમગ્ર ઘટનામાં ગાંધીગ્રામ તેમજ યુનિવર્સિટી પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસ શરૂ કરી છે અને વોકર્સ ઝોનમાં માથાકુટ કરનાર આરોપીઓને પકડી પાડવા તજવીજ આદરી છે.

મવડીમાં પુત્રના કેન્સરની પીડા જોઈન શકતા જનેતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

શહેરના મવડી વિસ્તારમાં રહેતી પરિણીતાએ પુત્રના કેન્સરની પીડા જોઈ ન શકતા ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. મવડી વિસ્તારમાં આવેલ અક્ષર એપાર્ટમેન્ટમાં રહેતી ડીમ્પલબેન જયેશભાઈ સોજીત્રા ઉ.૪૨ નામની પરિણીતાએ ઘરે ઝેરી દવા પી લેતા તાકિદે સારવાર અર્થે પ્રથમ ખાનગી હોસ્પિમાં ખસેડાઈ હતી. જયાંથી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ. ચોકીના સ્ટાફે નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પીએસઆઈ શેખ સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પરીણીતાના ૧૩ વર્ષના પુત્રને બ્લડ કેન્સરની બિમારી હોઈ જે જોઈ ન શકતી હોય જે બાબતે પરીણીતાને લાગી આવતા પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. પરિણીતાના મોતની બે સંતાનોએ માતાનું છત્ર ગુમાવ્યું છે.